RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 148* Date: 27.03.2020 * Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ગરીબ,ખેડૂત,મહિલા,મજૂરો પર સરકાર વરસી પડી

# કોરોના સંકટ: ૧.૭૦ લાખ કરોડનું જંગી રાહત પેકેજ

*ન્યુ દિલ્હી,તા.૨૬*

નાણાંમંત્રી નિર્મલા સીતારમણે કોરોનાવાયરસ સામેની લડાઈમાં રાહત માટે ૧.૭૦ લાખ કરોડના રાહત પેકેજની જાહેરાત કરી છે. તેમણે કોરોના સામે લડાઈમાં મદદ કરી રહેલા સ્વાસ્થ્ય કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમના માટે ૫૦ લાખ રૂપિયાના મેડિકલ વીમાની જાહેરાત કરી છે. તેમાં આશા વર્કર, પેરામેડિકલ સ્ટાફ, ટેક્નિકલ સ્ટાફ, ડોક્ટર સહિતના કર્મચારીઓનો સમાવેશ થાય છે. તેનાથી ૨૦ લાખ જેટલા કર્મચારીઓને લાભ મળશે.

૧. ગરીબોને મફત અનાજ

અત્યાર સુધી દરેક ગરીબને દર મહિને ૫ કિલો ઘઉં અથવા ચોખા મળતા હતા. આગામી ત્રણ મહિના સુધી દરેક ગરીબને હવે ૫ કિલો વધારાના ઘઉં અને ચોખા મળશે. મતલબ કુલ ૧૦ કિલો ઘઉં અને ચોખા મળશે. તે સાથે ૧ કિલો દાળ પણ મળશે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત આ રાહતનો ફાયદો ૮૦ કરોડ ગરીબ લોકોને મળશે. મતલબ કે દેશની બે તૃતિયાંશ વસતિ.

૨. હેલ્થ વર્કર્સને મેડિકલ ઈન્સ્યોરન્સ કવર

કોરોના વાયરસ સામે લડવામાં દેશના હેલ્થ વર્કર્સની



ભૂમિકાનું મહત્વ સમજતા સરકારે તેમને આગામી ત્રણ મહિના માટે ૫૦ લાખ રૂપિયાનું મેડિકલ ઈન્સ્યોરન્સ કવર આપવાની જાહેરાત કરી છે. દેશભરમાં ૨૨ લાખ હેલ્થ વર્કર્સ છે. ૧૨ લાખ ડોક્ટર્સ છે.

૩. ખેડૂતો, મહિલાઓના ખાતામાં સીધા પૈસા

ડાયરેક્ટ કેશ ટ્રાન્સફર અંતર્ગત ૮.૬૯ કરોડ રૂપિયાની મદદ કરવામાં આવશે. ખેડૂતોને તેનો પહેલો હપ્તો એપ્રિલના પહેલા અઠવાડિયામાં મળી જશે. તેનો ફાયદો ૮.૬૯ કરોડ ખેડૂતોને મળશે.

મહિલાઓ- મહિલા જનધન ખાતાધારકોને આગામી ત્રણ મહિના સુધી ૫૦૦ રૂપિયા પ્રતિ મહિનો આપવામાં આવશે. તેનો ફાયદો ૨૦ કરોડ મહિલાઓને થશે.

વૃદ્ધ, દિવ્યાંગ અને વિધવા- આગામી ત્રણ મહિના માટે બે હપ્તામાં ૧૦૦૦ રૂપિયાની મદદ કરવામાં આવશે. ત્રણ કરોડ લોકોને તેનો ફાયદો થશે.

મનરેગા- મજૂરીને ૧૮૨ રૂપિયાથી વધારીને ૨૦૨ રૂપિયા કરવામાં આવી છે.

૪. ઈપીએફમાં સરકાર યોગદાન કરશે, ૭૫ ટકા ફન્ડ ઉપાડી શકાશે

સરકાર ત્રણ મહિના સુધી પ્રોવિડન્ટ ફન્ડમાં કર્મચારીઓ અને કંપની બન્નેનું યોગદાન સ્વયં કરશે. મતલબ ઈપીએફમાં ૨૪ ટકા યોગદાન સરકાર આપશે. પીએફ ફન્ડ રેગ્યુલેશનમાં સંશોધન કરવામાં આવશે. જમા રકમના ૭૫ ટકા અથવા ત્રણ મહિનાના પગારમાંથી જે કંઈ પણ ઓછું હશે તે ઉપાડી શકાશે.

૧૦૦થી ઓછા કર્મચારીઓ વાળા સંસ્થાન અને ૧૫ હજારથી ઓછો પગાર મેળવતા કર્મચારીઓને આને લાભ મળશે.

દેશભરમાં ૮૦ લાખથી વધુ કર્મચારીઓ અને ૪ લાખથી વધુ સંસ્થાનોને.

૫.મહિલાઓને મફત સિલિન્ડર

જે ગરીબ મહિલાઓને ઉજ્જવલા યોજના અંતર્ગત મફત ગેસ કનેક્શન મળ્યા છે, તેમને આગામી ત્રણ મહિના સુધી મફતમાં ગેસ સિલિન્ડર મળશે. ગરીબી રેખા નીચે આવતા ૮.૩૯ કરોડ પરિવારોને જેમના ઘરની મહિલાઓને ઉજ્જવલા યોજના અંતર્ગત ગેસ કનેક્શન મળ્યું છે.

નિર્માણ ક્ષેત્ર સાથે સંકડાયેલા ૩.૫ કરોડ રજીસ્ટર્ડ વર્કર જેઓ લોકડાઉનના કારણે આર્થિક પરેશાનીઓને સામનો કરી રહ્યા છે તેમને મદદ કરવામાં આવશે. તેમના માટે ૩૧ હજાર કરોડ રૂપિયાનું ફન્ડ રાખવામાં આવ્યું છે.

મહિલા સહાયતા સમુહ (સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ)ને પહેલા ૧૦ લાખ રૂપિયાની લોન મળતી હતી. હવે ૨૦ લાખ રૂપિયાની લોન મળશે. તેનાથી ૭ કરોડ પરિવારને ફાયદો થશે.

## રાહત પેકેજ પર એક નજર....

- ★ દેશના સ્વાસ્થય કર્મીઓ માટે ૫૦ લાખના વીમો
- ★ ગરીબોને ભોજન અને નાણાં બંનેની મદદ મળી રહેશે.
- ★ આગામી ૩ મહિના માટે ગરીબોને મફતમા ભોજન અપાશે.
- ★ ગરીબ કલ્યાણ યોજનાઓ હેઠળ ગરીબોને ૧.૭૦ લાખ કરોડ રૂપિયાની મદદ અપાશે
- ★ પ્રધાનમંત્રી અન્ન યોજના હેઠળ ૫ કિલો વધારે ધઉં અને ચોખા આગામી ૩ મહિના સુધી મળશે.
- ★ આ યોજનાનો ફાયદો ૮૦ કરોડ લોકોને મળશે.
- ★ એક કિલો કઠોળ પણ ફ્રીમાં અપાશે.
- ★ વિધવા, વૃદ્ધ અને દિવ્યાંગોને વધારાના ૧૦૦૦ રૂપિયા આગામી ત્રણ મહિના માટે મળશે.
- ★ ત્રણ કરોડ વિધવા અને દિવ્યાંગોને તેનો લાભ મળશે
- ★ આ પૈસા ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા તેમના ખાતામાં જશે.
- ★ ૨૦ કરોડ મહિલા જનધન અકાઉન્ટ હોલ્ડરને વધારાના ૫૦૦ રૂપિયા આગામી ત્રણ મહિના માટે મળશે
- ★ ઉજ્જવલા યોજના અંતર્ગત લાભાર્થીઓને આગામી ત્રણ મહિના માટે મફતમાં સિલિન્ડર આપવામાં આવશે. ૮ કરોડથી વધુ મહિલાઓને ફાયદો થશે.
- ★ મનરેગામાં મજૂરી કરતા મજૂરો માટે રોજની મજૂરી રૂ. ૧૮૨ રૂપિયાથી વધારી ૨૦૨ રૂપિયા અપાશે.
- ★ પીએમ કિસાન યોજના, કિસાન સન્માન નીધિ યોજના હેઠળ ૮ કરોડ ૭૦ લાખ ખેડૂતોને ફાયદો મળશે.
- ★ ૨ હજાર રૂપિયાનો હપતો એપ્રિલના પ્રથમ મહિનામાં જ ટ્રાન્સફર કરી દેવાશે.

## ૨૧ દિવસના લોકડાઉનમાં થઈ શકે છે વધારો.....!

ન્યુ દિલ્હી,તા.૨૬

ભારત સરકારે કોરોના સામે લડવા અને લોકોને બચાવવા હાલમાં ૨૧ દિવસનો લોકડાઉન એટલે કે તાળાબંધી જાહેર કરી છે. સરકારે આજે જે ૧.૭૦ લાખ કરોડનું રાહત પેકેજ જાહેર કર્યું છે તેમાં ૩ મહિના સુધી રાહતો મળવાની જાહેરાતથી એવો ક્યાસ લગાવવામાં આવી રહ્યો છે કે ૨૧ દિવસના ૧૪ એપ્રિલ સુધીના લોકડાઉનમાં વધારો થઈ શકે તેમ છે.સૂત્રોએ કહ્યું કે સરકારે ૩ મહિના સુધી મફત અનાજ વગેરે.ની કરેલી જાહેરાતો પરથી એમ મનાય છે કે કોરોનાના સક્રને તોડવામાં સરકારને હજુ વધુ સમય જોઈશે અને તે માટે લોકોને ઘરોમાં જ રાખવા એ જ એકમાત્ર ઉપાય હોવાથી ૨૧ દિવસના લોકડાઉનમાં વધારો થવાની શકયતા નિકાળવામાં આવી રહી છે.

સૂત્રો માને છે કે ચીનને પણ આ રોગચાળો કે મહામારીને કાબુમાં લેવામાં ૩થી ૪ મહિના લાગ્યા છે. તેથી ભારતમાં સ્થિતિ વણસે તો ૨૧ દિવસના લોકડાઉનમાં વધારો થવાની શક્યતા છે. અને તેથી જ સરકારે ૩ મહિના સુધી અનાજ-પેન્શન વગેરે.ની જાહેરાતોને જોતાં કોરોનનાની મહામારીમાંથી ભારતને ૨૧ દિવસ બાદ પણ છૂટકારો મળે તેમ માનવું એક ભૂલભૂલૈયા ગણાશે.

### ૨૫ રાજ્યોમાં કોરોનાની એન્ટ્રી,૬૫૦થી વધુ લોકો સંક્રમિત

## કોરોનાનો કેર: એક જ દિવસમાં ચારના મોત, કુલ મૃત્યુઆંક ૧૭

*ન્યુ દિલ્હી,તા.૨૬*

દેશમાં કોરોના વાઈરસનું સંક્રમણ ૨૬ રાજ્યો સુધી પહોંચી ગયું છે. સંક્રમિતોનો આંકડો ૬૫૨ થયો છે. ૧૬ દિવસમાં ૧૭ પોઝિટિવ દર્દીઓના મોત થયા છે. ગુરુવારે જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં ૬૫ વર્ષીય દર્દીએ જીવ ગુમાવ્યો છે. મહારાષ્ટ્રના મુંબઈમાં ૬૫ વર્ષની એક મહિલાનું મોત થયું છે. ગુજરાતના ભાવનગરમાં પણ ૭૦ વર્ષના વૃદ્ધ અને રાજસ્થાનના ભીલવાડામાં પણ એક દર્દીએ જીવ ગુમાવ્યો છે. બુધવારે તમિલનાડુના મદુરાઈમાં, મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં અને ગુજરાતના અમદાવાદમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો હતો. અમદાવાદની મહિલા થોડા દિવસો પહેલા સાઉદી અરબથી પરત ફરી હતી. જો કે, સારવાર બાદ ૪૭ લોકો પણ સ્વસ્થ થયા છે.

ખીણમાં કોરોના વાયરસને લીધે પ્રથમ મૃત્યુનો કેસ નોંધાયા છે. કોવિડ -૧૯ થી સંક્રમિત એક દર્દીએ શ્રીનગરની એક હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડી દીધો



હતો. ડોકટરોએ જણાવ્યું હતું કે, શ્રીનગર શહેરની ચેસ્ટ ડિસીઝ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કોરોનાવાયરસથી સંક્રમિત ૬૫ વર્ષિય દર્દીનું મોત નીપજ્યું હતું. ડોક્ટરે કહ્યું, ×તે વ્યક્તિ હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીઝ અને મેદસ્વીપણાથી પીડિત હતો, આજે (ગુરુવારે) વહેલી સવારે તેણે દમ તોડી દીધો.× દર્દી ધાર્મિક ઉપદેશકનો ભાગ હતો અને ખીણમાં પાછા ફરતા પહેલા વિદેશીઓ સાથે સંપર્કમાં હતો. હોસ્પિટલમાં દાખલ થતાં પહેલાં, તે કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના સોપોર શહેરમાં સ્થાનિક જમાનાઓ, નર્સો અને પેરામેડિક્સના સંપર્કમાં આવ્યા હતા.

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસથી સંક્રમિત ૬૫ વર્ષીય મહિલાનું મોત નીપજ્યું છે. જો કે, આરોગ્ય વિભાગે જણાવ્યું છે કે મહિલા કોરોના વાયરસ પરીક્ષણમાં પોઝિટિવ મળી હતી, પરંતુ મોતનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આ સાથે રાજ્યમાં આ વૈશ્વિક મહામારીથી મૃત્યુઆંક ચાર થઈ ગયો છે. મહારાષ્ટ્રમાં ગુરુવારે વધુ બે લોકોને કોરોના વાયરસથી ચેપ લાગ્યાં બાદ આ જીવલેણ રોગથી સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૧૨૪ થઈ ગઈ છે.

## દુનિયાભરમાં કોરાનાનો કાળો કેર: સ્પેનમાં ૨૪ કલાકમાં ૭૦૦ લોકોના મોત

વોશિંગ્ટન/રોમ/મેડ્રિડ,તા.૨૬

ચીનના વુહાનથી શરૂ થયેલો કોરોના વાયરસ આખી દુનિયામાં ભયાનક રીતે ફેલાઈ રહ્યો છે. આ જીવલેણ વાયરસ અત્યાર સુધીમાં ૨૧ હજાર લોકોના જીવ લઈ ચૂક્યો છે. દુનિયાના ૧૯૮ દેશોમાં ૪,૬૮,૯૦૫ લોકો આ વાયરસથી સંક્રમિત છે. કોરોના સામે જંગ માટે ભારત સહિત આખા વિશ્વમાં લોકડાઉન ચાલી રહ્યું છે. લગભગ ૩ અબજની વસ્તી લોકડાઉનની સ્થિતિમાં જીવી રહી છે. અમેરિકામાં કોરોના વાઈરસના સંક્રમણના કેસ સાથે મૃત્યુઆંક પણ એક હજારને પાર કરી ગયો છે. અહીં બુધવારે કોરાના વાઈરસના કારણે ૨૨૩ લોકોએ જીવ ગુમાવ્યો છે. હંગેરીમાં સીનિયર બ્રિટીશ રાજદૂત સ્ટિવન ડીકનું કોરોના વાઈરસના કારણે મોત થયું છે. તેમની ઉંમર ૩૭ વર્ષ હતી. તઓનું મોત મંગળવારે થયું હતું.કોરોનાની મહામારીનો આ આંકડો સમુદ્રના પાણીમાં એક ટીંપા સમાન માનવામાં આવી રહ્યો છે. કારણકે



આ વાયરસના સંક્રમણનો સાચો આંકડો ઘણા દેશોમાં ખૂબ વધારે છે. ઘણા દેશોમાં તો અત્યાર સુધી માત્ર એવા જ દર્દીઓની તપાસ થતી હતી જેમને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર હોય. ૨૪ કલાકમાં જે દેશોમાં સૌથી વધુ મોત થયા તેમાં સ્પેન સૌથી ઉપર છે. સ્પેનમાં કોરાના વાયરસના લીધે ૨૪ કલાકમાં ૭૩૮, ઈટાલીમાં ૬૮૩ અને ફ્રાંસમાં ૨૩૧ લોકોના મોત થયા છે.

ઈટાલીમાં કાળો કહેર વર્તાવ્યા બાદ હવે કોરોનાના નિશાને સ્પેન છે. અહીં મોતનો આંકડો ચીનથી પણ આગળ નીકળી ગયો છે. સ્પેનમાં અત્યાર સુધીમાં ૩,૬૪૭ લોકોના મોત થયા છે. જ્યારે ચીનમાં ૩,૨૮૭ લોકો મોતને ભેટ્યા છે. કોરોનાના કારણે ઈટાલીમાં હાલત સૌથી વધુ ખરાબ છે. અહીં અત્યાર સુધીમાં આ વાયરસે ૭,૫૦૩ લોકોનો ભોગ લીધો છે. ઈટાલીમાં કોરોના વાયરસથી ૭૪,૩૮૬ લોકો સંક્રમિત છે.મોતના આંકડા પર નજર કરીએ તો ઈટાલી બાદ સ્પેન સૌથી વધુ પ્રભાવિત છે. અહીં કોરોના વાયરસના ૪૯,૫૧૫ કેસ સામે આવ્યા છે. સ્પેન પછી ચીન અને ઈરાનનો નંબર આવે છે. ઈરાનમાં ૨,૦૭૭ લોકોના મોત થયા છે જયારે ૨૭,૧૦૭ લોકો સંક્રમિત થયા છે. આ મામલે ફ્રાંસ પાંચમા ક્રમે પહોંચ્યું છે. ફ્રાંસમાં અત્યાર સુધીમાં ૨૫,૨૩૩ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. હવે બ્રિટન પણ કોરોનાની ચપેટમાં આવતું દેખાઈ રહ્યું છે. અહીં ૯,૫૨૯ લોકોને કોરાના વાયરસનો ચેપ લાગ્યો છે. બ્રિટનમાં અત્યાર સુધી કોરોના ૪૬૫ લોકોને ભરખી ગયો છે. એટલું જ નહીં બ્રિટનના પ્રિન્સ ચાર્લ્સનો પણ કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.કોરોના વાયરસ હવે આફ્રિકામાં પણ પગ પેસારો કરી રહ્યો છે. નાઈઝર, કેમરુન, ઈસ્ટોનિયા, જમૈકામાં કોરોનાથી પહેલું મોત થયું હોવાની પુષ્ટિ થઈ છે. લાઓસ, માલી, લીબિયા, ગ્રેનાડા અને ડોમિનિકા અત્યાર સુધી કોરોનાના ઓછાયા હેઠળ આવ્યા નહોતા. પરંતુ હવે અહીં પણ પોઝિટિવ કેસ મળ્યા છે. એક અનુમાન મુજબ, યુરોપમાં કોરોના સંક્રમણના ૨,૪૦,૦૦૦થી વધુ કેસ સામે આવ્યા છે અને ૧૩,૮૨૪ લોકોના મોત થયા છે.

**હોંગકોંગે અન્ય દેશ સાથેન સરહદ બંધ કરી**

હોંગકોંગમાં બુધવારે ૨૪ નવા કેસ નોંધાયા અહીં કુલ પોઝિટિવ કેસ ૪૧૦ થયા છે. અહીંની સરકારે અન્ય દેશો સાથેની સરહદને બંધ કરી દીધી છે. અહીં ચાર લોકોના મોત થયા છે.

**બ્રિટનમાં અત્યાર સુધીમાં ૪૬૫ લોકોના મોત**

બ્રિટનના આરોગ્ય વિભાગે કહ્યું હતું કે અહીં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૫૨ નવા કેસ સામે આવ્યા છે. દેશમાં પોઝિટિવ કેસની સંખ્યા ૯૫૨૯ થઈ ગઈ છે. અહી રોજ ૨૫ હજાર લોકોની તપાસ કરવામાં આવી રહી છે. અહીં મૃત્યુઆંક ૪૬૫ થયો છે.

**કોરોનાની મહામારીના પગલે ફ્રાન્સે ઈરાકમાંથી પોતાની સેના હટાવવાનો નિર્ણય કર્યો**

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને ૧૧ માર્ચના રોજ કોવિડ-૧૯ને વૈશ્વિક મહામારી જાહેર કરી હતી. આ મહામારીને ધ્યાનમાં રાખીને ફ્રાન્સે ઈરાકમાંથી પોતાની સેનાને પરત બોલાવવાનો નિર્ણય કર્યો છે. આજથી ફ્રાન્સ સેનાને વતન પરત મોકલવાની શરૂઆત કરાશે.

### ટ્રમ્પનો ગંભીર આરોપ

## વિશ્વ આરોગ્ય સંસ્થાએ સતત ચીનનો પક્ષ લઈને સાચી જાણકારી છુપાવી

*વૉશિંગ્ટન,તા.૨૬*

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન પર આરોપ મુકયો છે કે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા કોરોના વાયરસના મામલે ચીનનો પક્ષ લેવામાં આવ્યો છે અને ચીનને બચાવવાની કોશિશ કરી છે.વ્હાઈટ હાઉસમાં પત્રકારોને ટ્રમ્પે કહ્યુ હતુ કે, અત્યાર સુધીમાં કોરોના વાયરસને લઈને જયારે પણ ચેતવણી આપવાની સ્થિતિ ઉભી થઈ ત્યારે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા ચેતવણી આપવાની જગ્યાએ જાણકારી છુપાવવામાં આવી હતી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન સતત ચીનનો પક્ષ લઈ રહ્યુ છે અને તેને બચાવતુ રહ્યુ છે.જો દુનિયાને પહેલા જ આ બાબતની પૂરતી જાણકારી અપાઈ હોત તો આટલા લોકોના મોત થયા ના હોત.

અમેરિકન કોંગ્રેસના સભ્યો પણ આ મુદ્દે ટ્રમ્પનુ સમર્થન કરી રહ્યા છે. કોરોનાના મુદ્દે ટ્રમ્પ સતત ચીનને ઘેરતા આવ્યા છે.ટ્રમ્પ પહેલેથી કોરોનાને ચાઈનિઝ વાયરસ કહી રહ્યા છે.જેના કારણે ચીન પણ છંછેડાયુ છે.

અમેરિકામાં જ કોરોના વાયરસના કારણે ૧૦૦૦ લોકો જીવ ગુમાવી ચુક્યા છે અને ન્યૂયોર્કમાં સ્થિતિ સૌથી ગંભીર છે.

## તંત્રી સ્થાનેથી...

# મોદી સરકારની બેદરકારી

દેશમાં ૨૧ દિવસના લોકડાઉન છતાં પણ મોદી સરકાર કેસોને રોકવામાં સફળ રહી શકી નથી. દેશમાં કોરોનાના આંક સતત વધી રહ્યાં છે. લોકો કોરોના અને મહામારીની વાત કરી રહ્યાં છે ત્યારે એ બાબત પણ વાસ્તવિક છે. ટ્રમ્પને આવકારવામાં પડેલી મોદી સરકારે કોરોના રોકવામાં શરૂઆતથી જ આ જ પ્રકારની સાવચેતી રાખી હોત તો આજે જે સ્થિતિ છે અને ભવિષ્યમાં આવવાની છે આપણે રોકી શક્યા હોત. કોરોના વાયરસના પ્રકોપ બાદ દેશમાં ૧૪ લાખ અને ગુજરાતમાં ૨૭ હજાર લોકો વિદેશથી આવ્યા છે. સરકારે આ ૧૪ લાખ લોકોને હોમ ક્વોરંટાઈનમાં શરૂઆતમાં જ રાખ્યા હોત તો આજે ૧૩૪ કરોડ લોકોને ઘરમાં કેદ થવાની ફરજ ના પડી હોત. મોદી નમસ્તે ટ્રમ્પ તો રૂપાણી રાજ્યસભાની ચૂંટણીમાં તડજોડમાં વ્યસ્ત રહ્યાં. ગુજરાતમાં ૪૩ પોઝિટીવ કેસોની સંખ્યામાં ૩૫થી વધારે કેસો વિદેશથી આવનાર છે. સરકારે શરૂઆતમાં જ હોમ ક્વોરંટાઈનનો નિર્ણય લીધો હોત તો આજે ૬.૫ કરોડ ગુજરાતીઓ ઘરમાં કેદ ના હોત. રૂપાણી સરકાર રાજ્યસભામાં તો મોદી નમસ્તે ટ્રમ્પમાં વ્યસ્ત રહી દેશની આર્થિક વ્યવસ્થાની ઘોર ખોદી કાઢી છે. દેશને કોરોનાથી ૧૨૦ લાખ કરોડ રૂપિયાનું નુક્સાન જવાની સંભાવના છે. કોરોના કરતાં ભૂખમરાથી લોકો વધુ મરી જશે. દેશના વિકાસ માટે ફાળવનારા નાણાં કોરોનાને રોકવા માટે ફાળવાઈ રહ્યાં છે.સરકાર તો ખરી સાંસદો અને ધારાસભ્યો પણ વિકાસ કાર્યોના રૂપિયા કોરોના માટે રોકી રહ્યાં છે. દેશના વિકાસને કોરોના ભરખી જશે. જેમાં સૌથી મોટી ભૂલ કેન્દ્ર સરકાર અને બ્યૂરોક્રસીની છે. જેઓએ કોરોનાને ગંભીરતાથી ન લઈ દેશમાં પ્રવેશવાનો મોકો આપ્યો છે. સરકારે વિદેશથી આવનારા ૧૪ લાખ લોકોને હોમ ક્વોરંટાઈન કર્યા હોત તો આજે સ્થિતિ આ હદે ના હોત. દેશમાં કોરોના વકરવાનો છે એ નક્કી છે. મોદી ખુદ કબૂલી ચૂકયા છે કે, ૨૧ દિવસ લોકડાઉન ન રહ્યાં તો ૨૧ વર્ષ પાછળ રહી જઈશું. ગુજરાતમાં ૧૦ દિવસ પહેલાં વિદેશથી આવનારા લોકો માટે સ્કેનિંગ સિવાય કોઈ વ્યવસ્થા નહોતી. ૨૭ હજાર ઘરમાં ઘૂસેલા વ્યક્તિઓમાંથી તો ગુજરાત સરકારને ૭ હજાર શંકાસ્પદો મળી રહ્યાં નથી. ગુજરાત પાસે પણ કોરોનાને રોકવા માટે પૂરતી વ્યવસ્થા નથી. રૂપાણી સરકારે દરેક જિલ્લામાં હાલમાં ઉભી કરાયેલી વ્યવસ્થા પ્રમાણે જો આ એક મહિના પહેલાં શરૂઆત કરી હોત તો આ સ્થિતિ ના હોત. દેશના આરોગ્યતંત્રની બેદરકારીને કારણે આજે કરોડો લોકોના જીવ જોખમમાં મૂકાયા છે.નમસ્તે ટ્રમ્પમાં લાલ જાજમ પાથરનાર સરકારે કોરોનાની અવગણના કરી એની સજા આજે દરેક ભારતીય ભોગવી રહ્યો છે. ભારતમાં જાન્યુઆરીમાં જ કોરોના પોઝિટીવનો પ્રથમ કેસ બહાર આવ્યો હોવા છતાં સરકારે આ બાબતની અવગણના કરી હતી. દેશમાં કોરોના કરતાં પણ વધુ મોત ગરીબી અને ભૂખમરાથી થશે. જેટલો કોરોના અસર નહીં કરે તેનાથી વધારે ગરીબી અસર કરશે. ભારત આમપણ વિશ્વમાં ગરીબીની સંખ્યામાં અવ્વલ દરજ્જાનો દેશ છે. ૨૧ દિવસના લોકડાઉનને પગલે રોજ કમાઈ અને રોજ ખાતી પ્રજાની હાલત ખરાબ થઈ ગઈ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૭/૦૩/૨૦૨૦, શુક્રવાર, ચૈત્ર સુદ-૩
સૂર્યોદય-૬-૪૭, સૂર્યાસ્ત-૬-૫૮, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ અશ્વિની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૪૬થી શુભ-૮-૧૮ સુધી,૧૧-૨૧ થી ચલ-લાભ-અમૃત-૧૫-૫૬ સુધી, ૧૭-૨૮થી શુભ-અમૃત-ચલ-૨૧-૫૬ સુધી

- શુભ હોરા-
૬-૪૬ થી ૭-૪૮ સુધી, ૯-૫૦ થી ૧૨-૫૩ સુધી, ૧૩-૫૪ થી ૧૪-૫૫ સુધી, ૧૬-૫૭થી ૧૯-૫૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૭-૦૩-૨૦૨૦ શુક્રવાર

**મેષ(અ.લ.ઈ.) :-** તમારા નિર્ણયો ચોક્કસ લાભદાયક હશે પ્રવાસનું આયોજન થાય લગ્ન ઇચ્છુકોને અનુકુળતા વાળો દિવસ રહેવાનો.

**વૃષભ(બ.વ.ઉ.) :-** દિવસ લાભદાયક રહેવાનો છે નવા મિત્રો બનાવવામાં સફળતા મલવાના શેર સટ્ટામાં જાળવવું પ્રવાસ થાય.

**મિથુન(ક.છ.ઘ.) :-** વિદેશ વસતા સગા સ્નેહી તરફથી આર્થિક લાભ મલવાનો લકઝરી ચીજવસ્તુની ખરીદી થાય નકારાત્મક વિચારો ટાળજો.

**કર્ક(ડ.હ.) :-** ઉધારી ધંધાર્થી દુર રહેજો સામાજીક પ્રતિષ્ઠા વધે મિલકતના પ્રશ્નોમાં લાભ રહે. લગ્નજીવનમાં સુમેળ રાખવો.

**સિંહ(મ.ટ.) :-** નોકરીમાં લાભ કલ્પના શકિત વધવાની સાહિત્ય ક્ષેત્રે સફળતા મલવાની આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખજો.

**કન્યા(પ.ઠ.ણ.) :-** અધિકારી વર્ગ સાથે ગેર સમજો ઉભી ન થાય તેનું ધ્યાન રાખજો ધંધામાં નાણાકીય મુશ્કેલીને લઇને તકલીફો રહે.

**તુલા(ર.ત.) :-** નવા રોકાણ બાબત સમજદારી કેળવજો ઉધારીથી દૂર રહેજો યાત્રા પ્રવાસનું આયોજન સફળ થાય માતાથી લાભ.

**વૃશ્ચિક(ન.ય.) :-** નકારાત્મક વિચારોને ટાળજો નવી યોજના બાબત વિચારો કરો આવકનું પ્રમાણ વધવાનું પ્રમાણ વધવાનું રોજીંદા કાર્યમાં સફળતા.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :-** વિદેશ વસતા સગા સ્નેહીજનોની મુલાકાત શકય બને નોકરીમાં પ્રમોશનના ચાન્સ જાહેર સંસ્થામાં સારો હોદ્દો મલે.

**મકર(ખ.જ.) :-** નવા પ્રોજેકટમાં અનુકુળતા રહેવાની પરિવારના સભ્યોનો સાથે સહકાર સારો રહેશે. નોકરીમાં લાભ રહે.

**કુંભ(ગ.શ.સ.) :-** લગ્ન ઇચ્છુકોને અનુકુળતા મલવાની પ્રવાસમાં સાવધાની રાખવી. મહત્વકાંક્ષાઓને કાબુમાં રાખજો.

**મીન(દ.ચ.ઝ.) :-** આવકનું પ્રમાણ વધારવાના પ્રયત્નો ફળે રાજકીય લાભ મેળવશો મનગમતા કાર્ય માટે વધુ મહેનત કરવી પડે.

# કોરોનાનો કહેરઃ શ્રીનગરમાં ૬૫ વર્ષીય દર્દીનું મોત

ન્યુ દિલ્હી,તા.૨૬

દેશના ૨૫ રાજ્યોમાંથી કોરોના વાયરસના કેસ સામે આવ્યા છે. દેશમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૬૫૦ને પાર થઈ ગઈ છે. આજે શ્રીનગરમાં ૬૫ વર્ષીય દર્દીએ જીવ ગુમાવ્યો છે. અગાઉ બુધવારે અમદાવાદમાં ૮૫ વર્ષીય મહિલાનું મોત થયું હતું. વૃદ્ધ મહિલા હાલમાં જ વિદેશથી પરત ફરી હતી.

બુધવારે મોડી સાંજે મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં ૬૫ વર્ષી મહિલાઓનું મોત થયું હતું. આ ઉપરાંત સવારે ૫૪ વર્ષીય દર્દીએ પણ જીવ ગુમાવ્યો હતો. અગાઉ મંગળવારે મહારાષ્ટ્રમાં એક સંક્રમિત દર્દીનું મોત નિપજ્યુ હતું. અત્યાર સુધી જે ૧૧ લોકોના મોત થયા છે તેમાંથી ૮ને સુગર કે પછી બ્લડપ્રેશરની સમસ્યા હતી.

સોમવારે પશ્ચિમ બંગાળમાં ૫૭ વર્ષીય આધેડ અને હિમાચલમાં અમેરિકાથી પરત ફરેલા એક તિબ્બતીનું મોત થયું હતું. અગાઉ રવિવારે મુંબઈમાં ૬૩ વર્ષીય એક દર્દી અને પટણામાં ૩૮ વર્ષીય સૈફનું મોત થયું હતું. સૈફને ડાયબિટીઝની બીમારી હતી અને તેની કિડની પણ ખરાબ હતી. સૈફ હાલમાં જ કતારથી પરત ફર્યો હતો.

# સ્પેનના નાયબ વડાપ્રધાન કાર્મેન કાલ્વોન કોરોના વાયરસની ચપેટમાં



મેડ્રિડ,તા.૨૬

કોરોના વાયરસે સ્પેનમાં પણ પગપેસારો કર્યો છે. સ્પેનના નાયબ વડાપ્રધાન કાર્મેન કાલ્વોનો પણ કોરોના વાયરસનો ચેપ લાગ્યો છે. ૬૩ વર્ષની કાલ્વોનો પણ કોરોના વાયરસનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. અધિકારીઓએ જાણકારી આપી છે કે મંગળવારે કાલ્વોનો કોવિડ-૧૯ ઈન્ફેક્શન માટે ટેસ્ટ કરવામાં આવ્યો હતો. પહેલા પણ એક ટેસ્ટ કરવામાં આવ્યો હતો જે નેગેટિવ આવ્યો હતો. ત્યારબાદ સંતોષકારક પરિણામ નહીં મળતા વધુ એક ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.સ્પેનમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધીને ૪૭,૬૧૦ને પાર થઈ ચૂકી છે અને આ આંકડો સતત વધી રહ્યો છે. કોરોના વાયરસથી મૃત્યુઆંક વધીને ૩૪૩૪ને પાર થઈ ગયો છે. સ્વાસ્થ્ય અધિકારી ફર્નાંડો સાઈમને જણાવ્યું કે, આગામી સમયમાં મૃત્યુઆંક વધવાની સંભાવના છે. સ્પેનમાં ૧૪ માર્ચથી જ લોકડાઉન છે તેમ છતાં પણ અહિંયા કોરોનાના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે.

### અમદાવાદ,સુરત બાદ ભાવનગરમાં વધુ એક દર્દીનું મોત

# કોરોનાનો કેરઃ રાજ્યમાં વધુ એક મોત,કુલ કેસ ૪૩

ગાંધીનગર,તા.૨૬

કોરોના મહામારીના ભરડામાં ગુજરાતના ભાવનગરમાં ૭૦ વર્ષીય વૃદ્ધનું મોત થતા કુલ મૃત્યુઆંક ત્રણ થયો છે. અગાઉ અમદાવાદમાં એક ૮૫ વર્ષના મહિલાનું મોત થયું હતું અને તે અગાઉ સુરતમાં નાનપુરમાં પણ ૬૭ વર્ષના વૃદ્ધે દમ તોડ્યો હતો. ગુજરાતમાં કોરોનાથી ભાવનગરમાં ત્રીજું મોત થયું હોવાનું ખુલ્યું છે. ભાવનગરના ૭૦ વર્ષના વૃદ્ધ દિલ્હી જઈને આવ્યા હતા અને તેમને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ તેમનું મોત થઈ ગયું હતું.

રાજ્યમાં અમદાવાદ, સુરત અને ભાવનગરના નવા ત્રણ કેસ નોંધાયા છે જયારે છેલ્લા ૨૪ કલાકમાં પાંચ નવા કેસ સામે આવતા રાજ્યમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા ૪૩ થઈ ગઈ છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ભાવનગરમાં ૭૦ વર્ષના દર્દીનું મોત થયું છે જે રાજ્યમાં કોરોના ચેપથી ત્રીજું મૃત્યુ હોવાનું જણાયું છે. અગાઉ અમદાવાદની ૮૫ વર્ષની વૃદ્ધા સાઉદથી પરત ફર્યા હતા તેમનું ગત રાત્રે મોત થયું હતું.અમદાવાદમાં વધુ એક પોઝિટિવ આવ્યો છે જેમાં ૫૯ વર્ષની મહિલાનો સમાવેશ થાય છે અને તેને સ્થાનિક સંપર્કમાં આવવાથી સંક્રમણ થયું છે. જયારે વડોદરામાં યુકેથી આવેલા ૫૫ વર્ષના પુરૂષનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. રાજકોટમાં ૪૨ વર્ષના પુરૂષને લોકલ ટ્રાન્સમિશન થકી કોરોના થયો હોવાનું જણાયું છે અને તમામ પોઝિટિવ દર્દીઓને આઈસોલેશનમાં ખસેડી સારવાર શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત તેઓ કોના કોના સંપર્કમાં આવ્યા હતા તેની વિગતો પણ ચકાસી તેવા લોકોને શોધી તેમની જરૂરી તપાસ કરવામાં આવી રહી છે. ગાંધીનગરમાં ૭૫ વર્ષના વૃદ્ધાનો કેસ પોઝિટિવ આવ્યો છે જેમને સ્થાનિક સ્તરે સંક્રમણ થયું છે.

જયંતિ રવિએ જણાવ્યું હતું કે, અમદાવાદ ખાતે જે મહિલાનું મૃત્યુ થયુ છે તે ૮૫ વર્ષની ઉંમર અને સાઉદી અરેબિયાની પ્રવાસ હિસ્ટ્રી ધરાવે છે તેમને માનસિક બિમારી સાથે અન્ય લક્ષણો હતા. જયારે ભાવનગર ખાતે ૭૦ વર્ષના એક પુરુષનું નિધન થયુ છે જેઓ ડાયાબિટિસ, કેન્સર, બ્લડપ્રેસર, હાઈપર ટેન્શન જેવી બિમારીથી અગાઉથી જ પીડાતા હતા તેમ તેમણે ઉમેર્યું હતુ.

ડો. જયંતિ રવિએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ૨૧૧ ક્વોરેન્ટાઈનની ફેસિલિટી ઊભી કરવામાં આવી છે. જેમાં ૧૨૦૫૯ બેડની વ્યવસ્થા છે. ૧૯૫૬૭ વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઈન અને ૧૨૪ વ્યક્તિઓને પ્રાઈવેટ ફેસિલિટીમાં ક્વોરેન્ટાઈન ઓબ્ઝર્વેશન હેઠળ છે. તેમજ રાજ્યમાં કેટલાક મુસાફરોએ ક્વોરેન્ટાઈન માટે અનિચ્છા દર્શાવતા તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી ૧૪૭ વ્યક્તિ સામે એફઆઈઆર નોંધવામાં આવી છે. રાજ્યમાં તમામ લોકોનો સર્વે હાથ ધરાયો છે. જેમાં આરોગ્ય વિભાગ ઉપરાંત અન્ય વિભાગમાં સહયોગ લેવાઈ રહ્યો છે.

### આજે છૂટા છવાયા વરસાદની સંભાવના

# રાજ્યમાં આગામી ૪૮ કલાકમાં વાદળછાયું વાતાવરણ રહેશે

ગાંધીનગર,તા.૨૬

કોરોનાએ આખા વિશ્વને હચમચાવી મૂકી દીધું છે. હાલમાં જયાં જોવ ત્યાં બસ કોરોના જ કોરોના સંભળાય રહ્યું છે. પરંતુ એ વચ્ચે ગુજરાત માથે બીજુ સંકટ તોળાઈ રહ્યું છે. કોરોનાના કહેર વચ્ચે ગુજરાતના વાતાવરણમાં પલટો આવી રહ્યો છે. સાયક્લોનિક સર્ક્યુલેશનથી વાતાવરણમાં ભારે પલટો જોવા મળ્યો હતો. રાજ્યમાં કમોસમી વરસાદરૂપી આફત આવવાની તૈયારી છે. રાજ્યમાં સાઈક્લોનિક સર્ક્યુલેશનની અસરને પગલે વાતાવરણમાં પલટો આવ્યો છે. જેના પગલે આગામી ૪૮ કલાક સુધી રાજ્યમાં વાદળછાંયુ વાતાવરણ બની રહેશે.

ગુજરાતના વાતાવરણમાં પલટાની સાથે અનેક વિસ્તારોમાં થન્ડરસ્ટોમ સાથે વીજળી અને ભારે પવન ફૂંકાવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. આગામી દિવસોમાં રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદ, સુરત, ભરૂચ, બોટાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ સહિત જિલ્લામાં કમોસમી વરસાદ પડવાની સંભાવના રહેલી છે.

૨૭ માર્ચના રોજ રાજ્યમાં કચ્છને બાદ કરતા અન્ય જગ્યાએ છૂટો છવાયો વરસાદ પડવાની સંભાવના છે. ૨૮ માર્ચના રોજ રાજ્યમાં વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી નથી. જ્યારે ૨૯મી માર્ચના રોજ આખા રાજ્યમાં છૂટો છવાયો વરસાદ પડવાની સંભાવના રહેલી છે.

કોરોનાના કાળા કહેર વચ્ચે આવી આગાહી લોકોને રાતે પાણીએ રોવડાવે એવું લાગે છે. સાયક્લોનિક સર્ક્યુલેશનથી વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદની આગાહી કરવાના કારણે લોકોમાં પણ ચિંતા જોવા મળી હતી. ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ એવી પણ શક્યતા છે.

### કોંગ્રેસ સુપ્રિમો સોનિયા ગાંધીએ વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો

# મોદી સરકાર બેંકોના ૬ મહિના સુધી હપ્તા ટાળે અને વ્યાજ માફ કરે

ન્યુ દિલ્હી,તા.૨૬

કોરોના વાયરસની સામે લડવા માટે વડાપ્રધાન મોદીએ જયાં દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કર્યું છે, ત્યાં હવે કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ સોનિયા ગાંધીએ ગુરૂવારના રોજ વડાપ્રધાન મોદીને એક પત્ર લખ્યો છે. લોકાડાઉનની આ સ્થિતીમાં સોનિયા ગાંધીએ આપેલી ભલામણને તુરંત લાગૂ કરવા સૂચન કર્યું છે.

આ પત્રામાં સોનિયા ગાંધીએ વડાપ્રધાન મોદીને જણાવ્યું છે કે, ૨૧ દિવસના લોકડાઉનનું સમર્થન કરીએ છીએ. સોનિયા ગાંધીએ ડૉક્ટર્સ અને મેડિકલ સ્ટાફ, ઈમરજન્સી સેવાઓને સુગમ બનાવવા માટે પગલા ભરવાની માગ કરી છે. તેમણે સૂચન કરતા જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર ૬ મહિના માટે તમામ લોનના હપ્તાને ટાળવા પર વિચાર કરે. આ સમયે બેંકો દ્વારા લેવામાં આવતા વ્યાજ પણ માફ કરવામાં આવે.સાથે જ સોનિયા ગાંધીએ એમ પણ જણાવ્યું હતું કે, મજૂરો અને ગરીબોને રાહત આપવા માટે ન્યાય યોજના લાગૂ કરો. જેના કારણે આ લોકોને સીધા તેમના બેંક ખાતામાં જ આર્થિક સહાય મળે. આ સંકટની ઘડીમાં જે લોકોને કોરોનાની આ મહામારીના કારણે માર ઝેલવાના છે, તેમને આ યોજનાથી લાભ મળશે.

સાથે જ સોનિયા ગાંધીએ વડાપ્રધાન મોદી પાસે એવી પણ માગ કરી છે કે, દેશ માથે આવી પડેલી આ વિપતની ઘડીમાં ખેડૂતોના બાકી દેવા અને વસૂલીને છ મહિના સુધી ટાળી દેવામાં આવે. તેમની પાસેથી કોઈ પણ પ્રકારની વસૂલી કરવામાં આવે નહીં. સાથે જ તેમણે દરેક સેક્ટર માટે ખાસ પ્રકારના પેકેજની જાહેરાત માટે પણ જણાવ્યું છે. જેમાં તેમને જરૂરી ટેક્સ છૂટ, વ્યાજ માફી અને દેવાદારીમાંથી છૂટ આપવાની સંબંધિત વાતો જણાવી છે.

# હવે જવાનો નક્સલીઓ વિરુદ્ધ ઓપરેશનમાં જશે ત્યારે કંટ્રોલ રુમથી મોનિટરિંગ કરાશે



ન્યુ દિલ્હી,તા.૨૬

છત્તિસગઢના સુકમામાં જવાનોનું સેટેલાઈટ ટ્રેકર નેટવર્ક તૂટવાના કારણે મોટી હાની થઈ હતી. જિલ્લામાં ગત શનિવારના રોજ નક્સલી સાથે થયેલા એક્રાઉન્ટરમાં ૧૭ જેટલા જવાનો શહીદ થયા હતા. ત્યારે હવે ફોર્સે પોતાની રણનીતિ બદલી નાંખી છે. પ્રાપ્ત વિગતો અનુસાર હવે જ્યારે પણ જવાનો જંગલમાં ઓપરેશન માટે જશે ત્યારે તેમનું કંટ્રોલ રુમથી મોનિટરિંગ કરવામાં આવશે. તો આ દરમિયાન ફોર્સને નિર્દેશિત કરવામાં આવી છે કે કોઈપણ સ્થિતિમાં સેટેલાઈટ ટ્રેકર બંધ થયા બાદ ઓપરેશન આગળ ન ચલાવે.

એન્ટી નક્સલ ઓપરેશનના અધિકારીઓએ જણાવ્યું કે જંગલની અંદર જવાનોનું ઓપરેશન ચાલી રહ્યું છે. ફોર્સ નક્સલીઓના પ્રભાવ વાળા વિસ્તારમાં ખૂબ અંદર સુધી ઘુસી ગઈ છે. ત્યારે આવામાં ફોર્સને પાછી બોલાવવાનો કોઈ સવાલ ઉભો થતો જ નથી. તો સુકમા, અને બીજાપુરમાં એન્ટી નક્સલ ઓપરેશનના મોનિટરિંગ માટે આઈપીએસ જીતેન્દ્ર શુક્લા અને કે.એલ ધ્રુવને તૈનાત કરવામાં આવ્યા છે.બન્ને અધિકારીઓએ એસપી ઓફિસમાં કંટ્રોલ રુમ તૈયાર કરવામાં આવ્યો છે. અહીંયાથી જવાનોની મૂવમેન્ટ પર નજર રાખવામાં આવી રહી છે. શુક્લા અને ધ્રુવ પહેલા પણ અહીંયા અધિકારી પદ પર રહી ચૂક્યા છે. ત્યારે આવામાં તેમને જિલ્લાની ભૌગોલિક સ્થિતિ અને મૂવમેન્ટ વિશે વિશેષ જાણકારીઓ છે. વિશેષ સુરક્ષા સલાહકાર કે.વિજય કુમારની બેઠકમાં પણ આ જ રણનીતિ પર કામ કરવા માટે નિર્ણય લેવામાં આવ્યો છે.

### તૈયાર થઈ કોરોનાવાયરસની વેકસિન..!

# અમેરિકા ટુંક સમયમાં સારવારની આપશે અનુમતિ

ન્યૂયોર્ક,તા.૨૬

દુનિયાભરમાં કોરોના વાયરસના કારણે લોકોમાં ભય છે. જો કે હાલ રાહતના સમાચાર એ મળ્યા છે કે અમેરિકામાં કોરોના વાયરસની વેકસિન તૈયાર થઈ ચુકી છે. વૈજ્ઞાનિકોની ટીમએ કોરોના વાયરસને નાથવા માટે આ રસી બનાવી છે. આ વેકસિનનું ચાર દેશમાં ટ્રાયલ કરવામાં આવ્યું જેનુ પરિણામ શાનદાર રહ્યું હતું. હવે અમેરિકી સરકાર ટુંક સમયમાં તેના ઉપયોગની મંજૂરી આપી શકે છે.

સેન્ટર ફોર ડિસીસ કંટ્રોલ એન્ડ પ્રિવેશન અનુસાર અમેરિકી વૈજ્ઞાનિકોએ ક્લોરોક્વીન અને હાઈડ્રોક્સિકલોરીક્વીનના સંયોજનથી નવી રસી તૈયાર કરી છે. અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનએ આ રસીનું ટ્રાયલ કરવાની મંજૂરી આપી હતી. આ ટ્રાયલ ચીન, દક્ષિણ કોરિયા, ફ્રાંસ અને અમેરિકામાં સફળ રહી છે. જે દર્દીઓને આ રસી આપવામાં આવી તેમનામાં સકારાત્મક પરીણામ જોવા મળ્યા છે. અમેરિકાના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે કોરોના વાયરસને દૂર કરવા આ રસીથી મદદ મળશે. જો કે એફડીએ કોઈપણ રસીને મંજૂરી આપે તે પ્રક્રિયામાં લાંબો સમય લાગે છે. પરંતુ હાલ જ્યારે કોરોના વૈશ્વિક પડકાર બની ચુક્યો છે ત્યારે થોડા જ દિવસોમાં તેને મંજૂરી મળે તેવું અનુમાન છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે સાર્સને નાથવામાં પણ આ રસીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ વખતે તેમાં કોરોના વાયરસના જેનેટિકલ કોડ પ્રમાણે ફેરફાર કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે કોરોના વાયરસ સાર્સ રોગનું જ વધારે ખરાબ સ્વરુપ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીનું કહેવું છે કે જો આ રસીને એડીએ મંજૂરી આપશે તો ભારત પણ તેને તુરંત મંગાવી તેનો ઉપયોગ શરુ કરી દેશે. જો કે ભારતમાં પણ તેની મંજૂરીની પ્રોસેસમાં સમય લાગશે પરંતુ આ પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા પ્રયત્ન કરવામાં આવશે.

### વિશ્વ આરોગ્ય સંસ્થાએ ભારતના વખાણ કર્યા

# માત્ર લોકડાઉનથી નહીં અટકે કોરોના,ભારતે ચીન-સિંગાપુરના મોડલને અપનાવવાની જરૂર

જિનિવા,તા.૨૬

કોરોના વાઈરસના સંક્રમણને રોકવા માટે ભારત સરકારે લોકડાઉનની જે જાહેરાત કરી છે તેના વિશ્વ આરોગ્ય સંસ્થાએ વખાણ કર્યા છે. સાથે તેણે એમ પણ કહ્યું છે કે આ માત્ર એક પગલું છે, હજુ વધારે કડક પગલા લેવા પડશે.

કોરોના મહામારીએ દશભરમાં પોતાની અસર બતાવવાની શરૂઆત કરી દીધી છે. ભારતમાં હાલ તે બીજા સ્ટેજમાં ચાલી રહી છે. ત્રીજા સ્ટેજમાં ન પ્રવેશવા માટે ભારતે ૨૧ દિવસના લોકડાઉન જેવા કડક પગલાને ઉઠાવ્યું છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ ભારતના આ પગલાના વખાણ કર્યા છે. કહ્યું કે ભારતે ઝડપથી દેશને લોકડાઉન કર્યો તે એ સારું પગલું છે. આ સાથે બીજા પણ નિર્ણયો કરવા પડશે, માત્ર લોકડાઉનથી જોખમ ટળશે નહીં.

ડબલ્યુએચઓના ચેરમેન ડો. ટ્રેડોસે કહ્યું કે ભારત પાસે કોરોનાને હરાવવાની ક્ષમતા છે અને તે સારી વાત છે. ભારતે વહેલા ધોરણે લોકડાઉન કરવાનો નિર્ણય કર્યો છે. તેમણે વધુમાં કહ્યું કે જે દેશોએ શરૂઆતમાં જ કડક નિર્ણયો નથી લીધા અને સાવધાની નથી રાખી તે દેશમાં ખરાબ અસર જોવા મળી રહી છે.

ડબલ્યુએચઓના ડો. રેયાને કહ્યું કે લોકડાઉન સારું પગલું છે, પરંતુ ભારતે આગળ પોઝિટિવ કેસોને શોધવા પડશે. પીડિત વ્યક્તિના સંપર્કમાં જે પણ આવ્યા છે તેઓને અલગ કરવા પડશે. જો આવું થઈ જશે તો કોરોના વાઈરસને આગળ વધતો અટકાવી શકાશે. તમણે એ વાતને પણ ફરી કહી હતી કે ભારતે પોલીયોથી છૂટકારો મેળવ્યો છે તેમ કરોના વાઈરસમાં પણ કમાલ કરશે.

લોકડાઉનને લઈને ડો. મારિયા વેને કહ્યું કે એવું નથી કે તમે લોકડાઉન કરીને તેનાથી છૂટકારો મેળવી લેશો, આગળ તમારે તમારા પ્લાનમાં સતત ફેરફાર કરતો રહેવો પડશે અને જ્યાં વધારે કેસ છે તે સાવધાની રાખવી પડશે. આવામાં ચીન અને સિંગાપુરનું મોડલ અપનાવી શકાશે.



આજ રોજ લીમડી ગામ માં પોલિસ અધિકારી pI krushnapalsingh zhala સાહેબ અને ગ્રામ પંચાયત ના સભ્યો અને નગરજનો દ્વારા પર પ્રાંત માંથી આવેલા લોકો ને પોતાના વતન જવા માટે ગાડી ની સુવિધા કરી અને ચા નાસ્તા ની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### કોરોના જેવી વિકરાળ પરિસ્થિતિમાં આંદોલનકારી પ્રવિણ રામે

# સમગ્ર માનવજાતના હિત માટે આગળ આવવાની તૈયારી બતાવી કરી અનોખી પહેલ



હાલ સમગ્ર વિશ્વમાં કોરોના જેવા વાયરસે હાહાકાર મચાવ્યો છે ત્યારે ગુજરાતમાં કોરોનાનાં કેશોનો વધારો થઈ રહ્યો છે ત્યારે આવી વિષમ પરિસ્થિતિમાં લડવા સરકાર અને તંત્ર દ્વારા ખૂબ સારા પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે, આવા સમયમાં ઘરની બહાર ના નીકળીને સરકારના આદેશોનું પાલન કરીએ એ જ હાલના સમયમાં દેશની મોટી સેવા છે ત્યારે પ્રવિણ રામે જણાવ્યું કે સમગ્ર માનવજાતના હિત માટે હું, મારો પરિવાર અને મારી ટીમ ઘરની બહાર ના નીકળી તેમજ સરકારની તમામ સૂચનાઓનું સંપૂર્ણપણે પાલન કરી તેમજ લોકોમાં આ બાબતની જાગૃતી ફેલાવી રાષ્ટ્રની સેવા કરવાનો પ્રયાશ કરી રહ્યા છે.

વધુમાં પ્રવિણ રામે પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીને લેટર મારફત જણાવ્યું કે હાલ આપણી આરોગ્યની ટીમ કોરોના સામે લડવા સક્ષમ છે,પોલીસ ટીમ પણ રાજ્યમાં વ્યવસ્થા જાળવવા માટે સક્ષમ છે તેમજ રાજ્યનું તમામ મીડિયા પણ રાજ્યની જનતાને જાગૃત કરવા માટે સક્ષમ છે અને આવા ડરના વાતાવરણ વચ્ચે પણ ખુબ જ સારું કાર્ય કરી રહ્યા છે જે બિરદાવવા લાયક છે, હું કુદરતને પ્રાથના કરું છું કે કોરોના વધારે ના ફેલાય અને મને આપણા ગુજરાતના ડોકટરો, પેરામેડિકલ સ્ટાફ અને પોલીસના જવાનોની કાર્યશૈલીને જોતા વિશ્વાસ પણ છે કે વધારે ફેલાશે નહી આમછતાં કદાચ સરકાર અને તંત્રના તમામ પ્રયાશો બાદ પણ કોરોના વધારે ફેલાય અને એવી પરિસ્થિતિમાં લોકોના આરોગ્યની બાબતમાં અથવા રાજ્યની વ્યવસ્થાની બાબતમાં તંત્ર સિવાય ક્યાંય વધારે લોકોની સહાયક તરીકે જરૂરિયાત જણાય તો મને આદેશ કરજો, હુ અને મારી ટીમ સમગ્ર માનવજાત અને દેશના હિત માટે જે કાર્યની જવાબદારી આપવામાં આવશે એ જવાબદારી દેશના સ્વયંસેવકો બની નૈતિકતાથી નીભાવવા તૈયાર છે, આરોગ્યની બાબત કે રાજ્યની વ્યવસ્થા જાળવવી એમાં અમારો અનુભવ તો નથી છતાંપણ અમારાથી માનવજાતના અને દેશના હિત માટે જેટલું થતું હશે એટલું કરવાનો પ્રયાશ કરીશું

પ્રવિણ રામે વધુમાં જણાવ્યું કે હું પોતે પણ જાણું છું કે આવી વિકરાળ પરિસ્થિતિમાં આગળ આવવું એટલે આપણા મોતને આમંત્રણ આપવાની વાત છે આમછતાં પણ માનવજાતના અને દેશના હિત માટે મારી અને મારી ટીમની સંપૂર્ણ તૈયારી છે કારણકે અમારો ધ્યેય કોઈનો વિરોધ કરવાનો નથી પરંતુ લોકોની સુખાકારી માટેનો છે.

આંદોલનકારી પ્રવિણ રામે આ લેટર મારફત એક સૂચન કર્યું કે ઈટલી જેવા દેશો કે જયાં આરોગ્યની બાબતમાં ખૂબ સારી ટેકનોલોજી હોવા છતાં લોકોને બચાવવા માટે એ લોકો અસમર્થ બની રહ્યા છે

ત્યારે આપણી પાસે તો એમની સરખામણીમાં ટેકનોલોજી પણ ઓછી છે અને સામે લોકોની સંખ્યા પણ વધારે છે ત્યારે કદાચ કોરોના જો વિકરાળ બને તો એવા સમયે હોસ્પિટલમાં સ્ટાફની ઘટ ના વર્તાય એ માટે અત્યારથી જ મેડિકલ , પેરામેડિકલ માં ભણતા વિદ્યાર્થીઓને ટ્રેનિંગ આપી એક સેકન્ડ કેડર તૈયાર કરી દેવી જોઈએ એવું મારું અંગત માનવું છે

# આવા મહામારી ના સમયમાં ઘરને જ મંદિર માનો પરિવાર ને પ્રેમ એજ સાચી પુજા

કોરોના મહામારી મા જો કોઈ મોટી સેવા હોય તો તે ઘર માજ રહેવુ બહાર સેવા માટે પોલીસ ડોકટર મેડિકલ સ્ટાફ સફાઈ કામદાર કલેકટર મામલતદાર તલાટી કિરાણા ની દુકાન વાળા દૂધ વાળા મીડિયા કર્મીઓ છે પુરવઠા ના લોકો ગરીબ લોકો ને તકલીફ ન પડે એના માટે પણ સરકાર શ્રી રાસન આપી રહી છે તો આપણે ઘરેજ રહીએ માનનીય વડાપ્રધાન શ્રી મોદી સાહેબે હાથ જોડી ને આપણ ને વિનંતી કરી છે કે ૨૧ વર્ષ પાછળ ન જવું હોય તો તમે ઘર ના ઉંબરા ની બહાર પણ પગ ન મુકસો..ઇટાલી લંડન જેવા ઘણા દેશો એ કોરોના વાયરસ ને સહજતા થી લેવાની ભૂલ કરી છે બહાર નીકળ્યા છે જેના પરિણામ રૂપે ઘણા દેશો મા આજ લાસો ઉપાડવા વાળા કોઈ નથી બચ્યા આપણે આપણો વિચાર ન કરિયે તો કહી નહિ આપણા પરિવાર નો વિચાર કરી ઘર થી બહાર જીવતા બૉમ્બ બની ને ન ફરિયે મહામારી ને રોકવા નો એકજ રસ્તો છે એક બીજા ના સંપર્ક માં ન આવીએ ગમે તેવો ભાઈબંધ હોય કે ઘર નો કોઈપણ સદસ્ય હોય તમામ થી ૨ મિટર નું અંતર રાખીયે

હિન્દૂ શ્રાવણ મહિનો આખો રહી શકે છે મુસ્લિમ રમજાન આખો રહી સકે છે તો આ ૨૧ દિવસો ભલે રોઝા કે ઉપવાસ કરવા પડે કરો પણ એક કદમ પણ બહાર આપનો ન મુકો સેવા ની જરૂરત પડશે તો સરકાર પોતે આપણ ને બોલાવશે સેવાજ કરવી હોય દેશ ની તો ઘર માં પુરાઈ ને રહો સમજો સિચવેશન ને કોઇપણ સંજોગો મા બહાર ન નીકળો તમામ લોકો ની પશુ પક્ષી ની સેવા સારવાર સરકાર ના નિયુક્ત કરેલા લોકો સંસ્થાઓ ને કરવા દયો કોઈપણ દેશ પાસે આ મહામારી ની દવા નથી તો મહેરબાની કરો અને ઘરે રહી ને ધર્મ ધયાન કરો સારા ધાર્મિક અને અધ્યાતમિક પુસ્તકોનુ વાંચન કરો ઘરકામ મા મહિલાઓ ને મદદરૂપ બનો તમામ લોકો ને ફોન મેસેજ કરી ઘર પર રહેવા જણાવો આ સાંકળ જો નહિ તૂટે તો આપણા નામ રાસન કાર્ડ માંથી નીકળી જશે એટલે કઈ પણ થઈ જાય ઘર ની બહાર ન નીકળો ઘરમાજ યોગા કરો કસરત કરો પણ બહાર ન નીકળો પરિસ્થિતિ તોજ કાબુ માં આવશે જો તમે ઘરે રહી સાથ સહકાર આપશો.

ભગવાન અને સરકાર પર બહાર નું ટેનસન મૂકી દો દેશ સેવા કરવી હોય તો

કો..કોઈ

રો..રોડ પર

ના..ના નિકળો

ઘર ની બહાર નિકળનાર અને મજાક માં લેનાર તમામ ને વીનંતી કે સિચવેશન હાથ માંથી નીકળી જાય એના પહેલા આપણે ઘરે બેસી ને સાચવી લઈએ

ઘર પર પણ અંતર રાખો કોઈ તકલીફ લાગે તો ૧૦૮ અથવા ૧૦૪ પર કોલ કરો તમે બહાર ન નીકળો

હાથ ધોતા રહો સાબુ ડેટોલ સેનેટાઇજર થી મોઢા ને હાથ ન અડાડશો

ઘભરાસો નહિ પણ સાવચેતી રાખો

ઘર પર રહો સ્વસ્થ રહો

જિયો ઓર જીને દો

!! જે થવાનું હતું એ થઈ ગયુ, હવે જે થશે એ ચોક્કસ સારુ જ થશે !!

(હરેશ દવે )

### ને.....ગરબાડાના પીએસઆઇ ઉપર આવ્યો મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીનો ફોન

# મોટાભાઇનું મૃત્ય થયા બાદ તેમની અંતિમ વિધિ તુરંત આટોપી ફરજ પર હાજર થનારા પીએસઆઇની ફરનિષ્ઠાને બિરદાવતા મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રી

દર્શન ત્રિવેદી



કોરોના વાયરસના સંકટને પગલે સમગ્ર ગુજરાતમાં લાગુ કરવામાં આવેલા લોકડાઉનમાં દિનરાત જોયા વિના ફરજ પર રહેલા પોલીસ જવાનોની કર્તવ્યનિષ્ઠાના પ્રેરણાદાયક એક કિસ્સો દાહોદ જિલ્લા પોલીસ તંત્રમાં બન્યો છે. ગરબડા પોલીસ મથકમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા શ્રી પી. કે. જાદવે પોતાના સગા મોટાભાઇના મૃત્યુ બાદ તેની અંતિમવિધિ આટોપી તુરંત ફરજ ઉપર હાજર થઇ ગયા છે. તેમની આ ફરજનિષ્ઠાને ધ્યાને લઇ ખુદ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ આ પીએસઆઇને ફોન કરી સાંત્વના આપી હતી અને તેમની ફરજ પ્રત્યેની નિષ્ઠાને બિરદાવી હતી.

ગરબાડા પોલીસ થાણાના સબ ઇન્સ્પેક્ટર શ્રી પી. કે. જાદવના મોટાભાઇ શ્રી હરદેવસિંહ કરણસિંહ જાદવનું અમદાવાદ ખાતે ૬૩ વર્ષની ઉંમરે અવસાન થયું. તેઓ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના નિવૃત કર્મચારી હતા. તેમના અવસાનના સમાચાર મળતા જ શ્રી પી. કે. જાદવ હતપ્રભ થઇ ગયા હતા. સ્વજનનું અવસાન હંમેશા દુ:ખદાયક જ હોય છે. પરંતુ, શ્રી જાદવ એ સમયે લોકડાઉનમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાની ફરજ પર હતા. તેઓ મારતી ગાડીએ અમદાવાદ પહોંચ્યા અને ત્યાં જઇ ભાઇની અંત્યેષ્ઠિ ક્રિયા આટોપી ને એક ઘડીને વિલંબ કર્યા વિના ફરી ગરબાડા પોતાની ફરજ ઉપર હાજર થઇ ગયા હતા. પીએસઆઇ જાદવે જો ધાર્યું હોત તો તેમણે આ બાબતને ધ્યાને લઇ રજા મળી શકે એમ હતી. પણ, તેમણે પોતાની ફરજને ધ્યાને લઇ જનસુરક્ષાના કાર્યને અગ્રીમતા આપી અને ફરજ ઉપર હાજર થઇ ગયા.

આ બાબતની નોંધ લઇ સમગ્ર દાહોદ જિલ્લા પોલીસ તંત્ર વતી જિલ્લા પોલીસ વડા શ્રી હિતેશ જોયસરે તેમને મોટાભાઇના મૃત્યુ બદલ સાંત્વના આપી હતી અને ફરજનિષ્ઠાને બિરદાવી હતી. આટલું જ નહી, આ વાતની ખબર પડતા જ ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ બુધવારે સાંજના સમયે શ્રી પી. કે. જાદવને ફોન ફરી દિલસોજી વ્યક્ત કરી હતી અને કર્તવ્યનિષ્ઠાની પ્રશંસા કરી હતી.

એવામાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી ખુદે ગુરુવારે સવારે શ્રી જાદવને ફોન કર્યો હતો. તેમણે પણ, અવસાન બદલ સાંત્વના પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ પણ તેમની ફરજ પ્રત્યેની નિષ્ઠાને બિરદાવી હતી. એક કર્મચારીને ખુદ મુખ્યમંત્રીશ્રી બિરદાવે તેથી વિશેષ ઉપલબ્ધિ શું હોઇ શકે ?

### ગુજરાત મુખ્ય મંત્રી રાહત ફંડ

# બંધારણ, કાયદો અને સુશાસનના સિદ્ધાંતોનો સરેઆમ ભંગ

પ્રો. હેમંતકુમાર શાહ

અત્યારે કોરોના વાયરસના સંદર્ભમાં ગુજરાત સરકાર મુખ્યમંત્રી રાહત ફંડમાં લોકોને દાન આપવા અપીલ કરી રહી છે અને લોકો પણ ઉદાર મને તેમાં નાણાં આપી રહ્યા છે. તુલનાત્મક રીતે સુખી લોકો, સંસ્થાઓ અને કંપનીઓ આ ફંડમાં નાણાં આપે છે. પરંતુ આ ફંડના વહીવટના સંદર્ભમાં કેટલાક પાયાના સવાલો ઊભા થાય છે. પારદર્શિતા અને સુશાસનની બહુ મોટી વાતો કરવામાં આવે છે પણ એ સિદ્ધાંત ગુજરાત મુખ્ય મંત્રી રાહત ફંડને આશ્ચર્યજનક રીતે લાગુ પડતો નથી! કેટલાક મુદ્દા જોઈએ:

(૧) આ ફંડ ૧૯૬૭માં રચાયું હતું. તે એક ખાનગી ફંડ છે, સરકારી નહિ. તેનો વહીવટ મુખ્ય મંત્રીના અધ્યક્ષપદ હેઠળની પાંચ સભ્યોની સમિતિ કરે છે. મહેસૂલ ખાતું તેનું સંચાલન કરે છે.

(૨) તેના નામને કારણે લોકોને તો એમ જ લાગે છે કે આ સરકારી ફંડ છે. પણ એ સરકારી ફંડ છે જ નહિ.

(૩) આ ફંડના આવકજાવકના હિસાબો જાહેર કરવામાં આવતા નથી. વિધાનસભામાં પણ તે રજૂ થતા નથી. થોડાં વર્ષો અગાઉ માહિતી અધિકાર ધારા હેઠળ અરજી કરાઈ ત્યારે પણ તેની માહિતી આપવામાં આવી નહોતી અને એમ કહેવામાં આવ્યું હતું કે આ તો એક ખાનગી ફંડ છે.

(૪) કેટલા પૈસા ફંડમાં દાન પેટે આવ્યા અને તે ક્યારે, કોના માટે અને કયા હેતુ માટે ખર્ચાયા તે જાણવાનો લોકોને અધિકાર છે પણ સરકાર તે અધિકારને માન્ય રાખતી નથી.

(૫) અત્યારે પહેલાં આ ફંડમાં કેટલા પૈસા છે તે સરકાર જાહેર કરે, તેનો ગયા વર્ષનો તથા ચાલુ વર્ષનો વિગતવાર હિસાબ જાહેરખબર આપીને જાહેર કરે. ફંડમાં પૈસા લેવા જાહેરખબરો આપી શકાય તો હિસાબ આપવા પણ જાહેરખબર આપી શકાય.

(૬) ફંડમાં જે પૈસા છે તે કોરોના આપત્તિના નિવારણ માટે કેવી રીતે વાપરવાનું આયોજન છે તે પણ સરકાર જાહેર કરે.

(૭) તત્કાળ કેટલાં નાણાંની જરૂર લાગે છે તેનો સરકાર અંદાજ આપે. તે શાને માટે વપરાશે તે પણ કહે. પછી જ લોકો પાસે પૈસા માગે.

(૮) જ્યારે પણ કોઈ મોટી આપત્તિ આવે છે ત્યારે સરકાર આ ફંડમાં પૈસા ભેગા કરે છે અને વાપરે છે, પણ કદી કરોડો રૂપિયાનો હિસાબ આપતી નથી. આ બાબત પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ જેવા સુશાસનના સિદ્ધાંતોનો સરેઆમ ભંગ છે.

હવે બીજો ગંભીર મુદ્દો:

(૧) બંધારણની કલમ-૨૬૭(૨) મુજબ 'ગુજરાત આકસ્મિકતા નિધિ'ની રચના કરવાની હોય. ગુજરાતમાં ૧૯૬૦માં તે માટે કાયદો પણ થયેલો છે. આ નિધિ એટલે કે ફંડમાં રાજ્ય સરકારે પોતાના બજેટમાંથી દર વર્ષે થોડીક રકમ અલાયદી મૂકવાની છે.

(૨) આ ફંડની રકમ કોઈ પણ અણધાર્યા ખર્ચને પહોંચી વળવા વાપરવાની હોય છે એમ બંધારણ કહે છે.

(૩) ગુજરાત સરકાર છેલ્લાં ૨૦ વર્ષથી આકસ્મિકતા નિધિમાં એક રૂપિયાની પણ જોગવાઈ કરતી નથી! જાણે કે ગુજરાતમાં કોઈ આપત્તિ આવવાની જ ના હોય!

(૪) પણ તે હેઠળ થોડીઘણી રકમ તો તે વાપરે જ છે પાછળથી જોગવાઈ કરીને.

(૫) ચાલુ વર્ષના રૂ. ૨.૦૩ લાખ કરોડના બજેટમાં એક પણ રૂપિયો આ ફંડ માટે ફાળવાયો નથી! ૨૦૨૦-૨૧ના ? ૨.૧૪ લાખ કરોડના બજેટમાં પણ એક રૂપિયો પણ આકસ્મિકતા નિધિ માટે નથી!

(૬) સામાન્ય લોકો પણ આકસ્મિક સંજોગોને પહોંચી વળવા માટે અલગ બચત મોટે ભાગે ભેગી કરે છે તો સરકાર કેમ આપત્તિઓ આવશે એમ ધારીને અલગથી બજેટમાં રકમ રાખતી નથી, બંધારણમાં જોગવાઈ હોવા છતાં પણ?

(૬) જો રાજ્ય સરકારનું ચાલુ વર્ષનું બજેટ ? ૨.૦૩ લાખ કરોડનું હોય તો તેની બે ટકા રકમ પણ ? ૪૦૦૦ કરોડ થાય! કોરોના સામે લડવા આટલી રકમ તો સરકાર પાસે છે જ, હોવી જ જોઈએ.

(૭) ગુજરાત સરકાર આકસ્મિકતા નિધિ નહિ રાખીને બંધારણ અને કાયદાનો ભંગ કરી રહી છે એ સ્પષ્ટ છે. તા. ૨૬-૦૩-૨૦૨૦.

# રાજ્યની તમામ કોર્ટ રહેશે બંધ: ગુજરાત હાઈકોર્ટે જાહેર કર્યો પરિપત્ર

અમદાવાદ,તા.૨૬

રાજ્યમાં કોરોના વાયરસના દર્દીઓના પોઝિટિવ કેસ વધી રહ્યા છે અને મૃત્યુઆંક વધીને ૨ થયો છે, ત્યારે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમનાથે ૨૬મી માર્ચથી આગામી આદેશ સુધી હાઈકોર્ટ સહિત રાજ્યની તમામ કોર્ટને તાત્કાલિક ધોરણે બંધ કરવાનો આદેશ કર્યો છે.

અમદાવાદની સીટી-સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, ફેમિલી કોર્ટ, સહિત રાજ્યની તમામ પ્રકારની કોર્ટને બંધ કરવાનો આદેશ કર્યો હતો. ગુજરાત હાઈકોર્ટે ૨૩મી માર્ચથી અત્યંત મહત્વપૂર્ણ કેસની વીડિયો કોન્ફ્રન્સ મારફતે સુનાવણી કરશે. વર્તમાન કોરોનાની પરિસ્થિતિ વચ્ચે હાઈકોર્ટમાં જજ, વકીલ અને અન્ય સ્ટાફ વધુ સંખ્યામાં એકત્ર ન થાય તેના માટે આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. ૨૩મી માર્ચ ફિઝિકલ સ્વરૂપમમાં કોઈ પિટિશન દાખલ કરવામાં આવશે નહિ.

કોરોનાને લીધે ગુજરાત હાઈકોર્ટે અગાઉ ૩૧મી માર્ચ સુધી અરજન્ટ કેસની જ સુનાવણી હાથ ધરવાનો આદેશ કર્યો હતો. જોકે, રાજ્યમાં બીમારીની પરિસ્થિતિ વધું વિકટ બનતા હવે પિટિશનની સોફ્ટ કોપી ઈમેલ કે અન્ય મારફતે આપી શકશે અને દલીલો વીડિયો કોન્ફરન્સ મારફતે થશે. જજ પોતાની ચેમ્બરમાં બેસીને કેસને સાંભળશે.



સમગ્ર દેશ આજે કોરોના ના ભય થી સરકારી આદેશ દ્વારા પોતાના ધરોમાં જ કેદ થઈ આ મહામારી નો સામનો કરી રહ્યો છે ત્યારે પાટનગર ના વિસ્તારોમાં પોતાના જીવ ને જોખમમાં મુકી દિવસ રાત ફરજ બજાવતા પોલીસ અધિકારી શ્રીઓ અને જવાનો ને સુરક્ષા અર્થે ગાંધીનગર મહાનગરપાલિકા ના કોગેસ પક્ષ ના વિપક્ષ નેતા દ્વારા શહેરના એસ. પી. કચેરી સહિત શહેરના ૧૦ જેટલા પોલીસ સ્ટેશનો માં રુબરૂ જઈ દરેક સ્ટાફ માટે પોલીસ સ્ટેશન દીઠ ૧૦૦ વોશેબલ માસ્ક તથા ૧ લિટર સેનીટાઈઝર બોટલ નુ વિતરણ કરવામાં આવ્યું તેમની સાથે મહાનગરપાલિકા ના કોર્પોરેટર શ્રી જયરાજ સિંહ વાઘેલા તથા શહેર જીલ્લા કોંગ્રેસ ના મહામંત્રી રાકેશ ભાઈ જાની ઉપસ્થિત રહ્યા હતા.


### ઉડન ખટોલા-મેરે મહેબુબ, આન, ભાઈ-ભાઈ, બરસાત ફિલ્મોમાં કામ કર્યુ હતુ

# વિતેલા જમાનાની સુપ્રસિધ્ધ અભિનેત્રી નિમ્મીનું અવસાન: રાજકપુરે આપ્યો'તો બ્રેક

મુંબઇ,તા.૨૬



વીતેલા જમાનાની પ્રખ્યાત અભિનેત્રી નિમ્મીનું મુંબઇમાં નિધન થઇ ગયું છે. તેઓ છેલ્લાં ઘણા સમયથી બીમાર હતા. તેમની ઉંમર ૮૮ વર્ષની હતી. કનિદૈ લાકિઅ મુંબઇના સરલા અકિલા નર્સિંગ હોમમાં સાંજ ૬ ગ્યાની આસપાસ તેમણે છેલ્લાં શ્વાસ લીધા હતા. નિમ્મીએ ૧૬ વર્ષ ફિલ્મોમાં કામ કર્યું. ૧૯૪૯ના વર્ષથી કનિદૈ લાકિઅ લઇને ૧૯૬૫ સુધી તેઓ ફિલ્મોમાં સક્રિય રહ્યા. તેમને પોતાના સમયની શ્રેષ્ઠ અભિનેત્રી અકીલા મનાતા હતા. તેમનું અસલી નામ 'નવાબ બાનો' હતુ. નિમ્મીએ કનિદૈ લાકિઅ એસ.અલીરજા સાથે લગ્ન કર્યા હતા. તેમનું દેહાંત ૨૦૦૭ની સાલમાં થયું હતું. નિમ્મીને રાજકપૂરની પહેલી શોધ પણ કહેવાય છે. રિપોર્ટ્સના મતે તેમણેજ કનિદૈ લાકિઅ નવાબ બાનોનું નામ બદલીને નિમ્મી રાખ્યું હતું. રાજકપૂરે તેમણે પોતાની ફિલ્મ બરસાતમાં બ્રેક આપ્યો હતો. આ ફિલ્મ હિટ ગયા બાદ નિમ્મીએ કેટલીય ફિલ્મોમાં કનિદૈ લાકિઅ કામ કર્યું. તેઓએ આન, ઉડન ખટોલા, ભાઇ ભાઇ, કુંદન, મેરે મહેબૂબ જેવી તમામ ફિલ્મોમાં કામ કરીને લોકપ્રિયતા પ્રાપ્ત કરી ચૂકયા છે. રિપોર્ટસના કનિદૈ લાકિઅ મતે નિમ્મીની કેરિયરની શરૂઆતના દિવસોમાં ઘણી ડિમાન્ડ હતી. કહેવાય છે કે દિલીપ કુમારથી લઇ રાજ કપૂર, અશોક કુમાર, ધર્મેન્દ્ર જેવા દિગ્ગજ કનિદૈ લાકિઅ કેટલાંય સ્ટાર તેમની સાથે કામ કરવા માટે ઉત્સુક હતા. નિમ્મીના નિધનને લઇ પ્રખ્યાત ફિલ્મ ડાયરેકટર મહેશ ભટ્ટે પણ ટ્વીટ કરી તેમને શ્રદ્ધાંજલિ પાઠવ્યા છે.



ગાંધીનગર મહાનગરપાલિકા ના સેકટર ૨૪ ના કોર્પોરેટર હજાર રહી તેમના મતવિસ્તાર ની અંદર સોસાયટીઓ માં દવા નો છંટકાવ કરવી સ્વચ્છતા કરાવી.

પગપાળા લોકોની સેવા કરનારે સતર્કતા રાખવી જરૂરી

# સેવા કરતા યુવકો અને સંસ્થાઓ માસ્ક પણ પહેરવાનું ભૂલ્યા કોરોનનો ભય




અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનાને લઈને ૨૧ દિવસનું લોક ડાઉન થયા બાદ હવે ગુજરાતમાં કામ કરતા રાજસ્થાની અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકોની હાલત બદતર બની ગઈ છે લોકડાઉનના પગલે સરકારી અને ખાનગી ટ્રાન્સપોર્ટશન પર પાબંધી લગાવી દેવામાં આવતા ગુજરાતમાં રોજગારી મેળવતા રાજસ્થાની શ્રમિકોની હાલત દયનિય બની છે લોકોએ ડર ના માર્યા વતન તરફ પગ માંડતા હાલ અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના માર્ગો પર પદયાત્રીઓ ચાલતા હોય તેવી સ્થિતિની નિર્માણ થયું છે બંને જીલ્લાનું પોલીસતંત્ર, અરવલ્લી જીલ્લાના ધારાસભ્યો સહીત વિવિધ સેવાકીય સંસ્થાઓ અને યુવાવર્ગ શ્રમિકોને આશરો આપવાની સાથે ચા-નાસ્તા અને ફૂડ પેકેટની વ્યવસ્થા કરવાની સાથે વિતરણ કરી માનવતાના ઉદાહરણ પુરા પાડી રહી છે પરંતુ પદયાત્રીઓની સેવા કરતા કેટલાક યુવકો અને સંસ્થાઓના સદસ્યો પૂરતા પ્રમાણમાં કાળજી લેતા નથી અને સેવાના ઉત્સાહના અતિરેકમાં મોઢા પર માસ્ક કે રૂમાલ પણ બાંધતા ન હોવાથી કોરોના સંક્રમિત થવાનો ભય પેદા થયો છે કોરોના વાઈરસથી સંક્રમિત દર્દીને પ્રથમ દિવસથી ૧૪ દિવસ દરમિયાન લક્ષણ દેખાતા હોય છે કેન્દ્ર સરકારે કોરોનાનો કહેર વધતા હવે ૨૧ દિવસ માટે લોક ડાઉન કરી દેવાયું છે ત્યારે અમદાવદ, ગાંધીનગર,નડિયાદ સહીત ગુજરાતના જિલ્લાઓમાં કામ કરતા કામદારો તથા હોટલોમાં કામ કરતા વેઈટરો અને રસોઈયાઓને રજાઓ આપી દેવામાં આવી છે. મૂળ રાજસ્થાનના અને ગુજરાતમાં કામ ધંધા માટે આવેલા આ લોકો ટ્રાન્સપોર્ટ સુવિધા બંધ થવાથી અટવાયા છે.જેને લઈને તેઓએ વતન તરફ ચાલતી પકડાતા અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના માર્ગો પર કીડિયારું ઉભરાયું હોય તેવી સ્થિતિ પેદા થઈ છે શ્રમિકોની વ્હારે પોલીસતંત્ર,વહીવટી તંત્ર સેવાકીય સંસ્થાઓ અને યુવાવર્ગ દ્વારા પગપાળા શ્રમિકોને પાણી ચા-નાસ્તા અને ભોજનની સુવિધા પુરી પાડી રહ્યા છે અને કેટલાક સ્થાનિક લોકો પોલીસનો સહકાર લઈને પોતાના ટ્રક અને આઈશર ગાડીઓમાં પગપાળા લોકોને રાજસ્થાન સરહદ સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે સેવાકીય કર્યો કરતા લોકો અને પગપાળા પસાર થતા શ્રમિકો કોરોના અંગે નિષ્કાળજી દાખવી રહ્યા હોય તેમ કોઈ પણ પ્રકારની સાવચેતી ન દાખવતા સેવા કરવા જતા કોરોના ઘર કરી જાય તેવી દહેશત પેદા થઈ છે સેવાકીય કાર્યો કરતા લોકો સેવા કરવાની સાથે સતર્ક રહેવાની ખુબ જરૂર હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું



રૂપાણી જી ના રાજકોટ વિસ્તાર થી નજીક રાજકોટ હાઈવે ઉપર કુવાડવા પાસે હજારો રાજસ્થાન ના મજૂરો.કારીગરો બિસ્તરા પોટલાં લઈ રાજસ્થાન ચાલતા જવા મજબૂર થાય અને સરકાર કોઈ વ્યવસ્થા કરી નહી.સામાજિક સંગઠનો તેમજ રોડ ઉપર ના રહેવાસી ગામ વાળાઓ એ ખાવા પીવા ની વ્યવસ્થા કરી .આવડો મોટો સમૂહ હાઈવે ઉપર હરતો ફરતો હોય.કોઈ માસ્ક નહી તો આમાં કોઈ પોઝિટિવ હશે તો કેટલા પ્રમાણ માં રોગ ફેલાસે તેના માટે તંત્ર ની ઘોર બેદરકારી જાણવા છતાં સામે આવી.અમારા ગાંધીનગર ના જાગૃત પત્રકાર ભાઈ પંકજ આહીર ના કેમેરા માં આ તસવીર કેસ થતાં અમારી સુધી પહોંચાડતા આપ સમક્ષ રજૂ કરીએ છીએ જેથી સૂતેલી રૂપાણી સરકાર માત્ર બંગલામાં બેસી કે બે ચાર પ્રેસ કરી બેસી ના રહે.આખા ગુજરાત ના તમામ ધારાસભ્યો ને પણ કામે લગાડી પ્રજાના સાચા પ્રશ્નો કેવી રીતે ક્યાંથી હાલ કરી શકાય તેની વ્યવસ્થા જે તે જિલ્લા કલેકટર.કોર્પોરેશન.મહાનગર પાલિકા.પંચાયતો થી કરી શકાય..પ્રદીપ રાવલ.તંત્રી.જન ફરિયાદ....તસવીર.પંકજ આહીર ગાંધીનગર

# મોડાસામાં સુરતથી રાજસ્થાન લોડિંગ રિક્ષામાં જતા ૩૦ જેટલા શ્રમિકોની પોલીસે અટકાયત કરી



અરવલ્લી બ્યુરો મોડાસા

હાલમાં કોરોનાનો કહેર વર્તાયો છે. સુરતમાં પણ કોરોના નામની મહામારીમાં ૫ લોકો સપડાઈ ચુક્યા છે સુરત શહેરમાંથી શ્રમિકો પગપાળા અને જે વાહન મળ્યું તેમાં રાજસ્થાની શ્રમિકો વતન તરફ પ્રયાણ કર્યું છે એક તરફ પોલીસ તેમજ અનેક લોકો દ્વારા માનવતાના દર્શન થઈ રહ્યા છે. જયારે બીજી બાજુ મોડાસાના સહયોગ ચાર રસ્તા પાસે ચાલતા અને વાહનોમાં ટોળા સ્વરૂપે જઈ રહેલા લોકોની પોલીસે અટકાયત કરી હતી. જયારે કલેક્ટરે ૨૧ દિવસ સુધી અટકાયતમાં રાખવા હૂકમ કર્યો હતો. બુધવારના રોજ સુરતથી રાજસ્થાનના કુંભલગઢ ૩૦ જેટલા શ્રમિકો પરિવાર સાથે રીક્ષા મારફતે જઈ રહ્યા હતા દરમિયાન મોડાસાના ડુગરવાડા ચોકડી નજીક પોલીસે તેઓને ઝડપ્યા હતા અને તેઓની અટકાયત કરી હતી. જેના પગલે અરવલ્લી જિલ્લા કલેક્ટરે બધાને ૨૧ દિવસ સુધી અટકાયતમાં રાખવાના આદેશો કર્યા હતા.

સરકાર દ્વારા કોરોનાનો ફેલાવો ન થાય તે માટે આખો દેશ લોકડાઉન કરી દેવાના આદેશો કરવામાં આવ્યા છે. લોકડાઉનનો મતલબ જ એ છે કે એકવીસ દિવસ સુધી કોઈએ ઘરની બહાર જ ન નિકળવ્યું ત્યારે અનેક લોકો જે વાહન મળે તે નહીંતો પદયાત્રા કરીને પણ વતન તરફ પ્રયાણ કરી રહ્યા છે. તેઓની તકલીફને લઈને માનવતાના ધોરણે લોકો રસ્તા પર જમવા તેમજ નાસ્તાની વ્યવસ્થા કરવામાં લાગી ગયા છે. ત્યારે લોકડાઉનનો મતલબ જ રહેતો નથી અને રોગનો ફેલાવો થવા માટે ખુલ્લું મેદાન મળી રહે છે.

બુધવારના રોજ સુરતથી રાજસ્થાનના કુંભલગઢ ૩૦ જેટલા શ્રમિકો પરિવાર સાથે રીક્ષા મારફતે જઈ રહ્યા હતા દરમિયાન મોડાસાના ડુગરવાડા ચોકડી નજીક પોલીસે તેઓને ઝડપ્યા હતા અને તેઓની અટકાયત કરી હતી. જેના પગલે અરવલ્લી જિલ્લા કલેક્ટરે બધાને ૨૧ દિવસ સુધી અટકાયતમાં રાખવાના આદેશો કર્યા હતા.

અંબાજી પો.સ્ટે. વિસ્તારમાં ગુજરાત લોકડાઉન દરમ્યાન

# જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ કેસ કરી કાર્યવાહી કરતી અંબાજી પોલીસ

અંબાજી પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફના માણસો અંબાજી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ગુજરાત બેકરી નામની દુકાન ચાલુરાખી વેપાર કરતા ભગવાનદાસ લધારામ વનજાણી રહે-અંબાજી ભાટવાસ, તા-દાતા વાળા તથા કેવડાવત ગેસ રીપેરીંગ નામની દુકાન ચાલુ રાખી વેપાર કરતા વસંતકુમાર મફતલાલ બારોટ તથા પ્રવિણકુમાર રમેશભાઈ બારોટ બન્ને રહે-અંબાજી ઉમીયા ધર્મશાળાની બાજુમાં એક નંબર, તા-દાંતા વાળાઓ મે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી બનાસકાંઠા પાલનપુર નાઓના નં.ડી/એમએજી/નોવેલ કોરોના/જા.ના.૨૬/૨૦૨૦/વશી.૩૦૬૩-૩૦૯૩ તા-૨૦/૦૩/૨૦૨૦ ના હુકમનુ ઉલ્લધન કરતા સદર ઈસમો વિરુધ્ધમાં ઈ.પી.કો. કલમ-૧૮૮, ૧૧૪ મુજબ ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે. અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

# કોરોના ખતરો: રાજ્ય સરકારે વોટ્સએપ હેલ્પલાઈન નંબર જાહેર કર્યો

ગાંધીનગર,તા.૨૬

કોરોનાએ આખા વિશ્વને હચમચાવી મૂકી દીધું છે. હાલમાં જયાં જોવ ત્યાં બસ કોરોના જ કોરોના સંભળાય રહ્યું છે. ગુજરાતમાં અત્યાર સુધી કુલ ૩૯ દર્દીઓ સામે આવી ચુક્યા છે. ત્યારે પીએમ મોદીની જાહેરાત બાદ સંપૂર્ણ ભારતને ૨૧ દિવસ માટે લૉકડાઉન કરી દેવામાં આવ્યું છે. રાજય સરકાર પણ કોરોના વાયરસના નિવારણ માટે સતત પ્રયત્ન કરી રહી છે. હવે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતની જનતાને કોરોના વાયરસની તમામ માહિતી મળી રહે તે માટે એક હેલ્પલાઈન નંબર જારી કર્યો છે.

જો કોઈ વ્યક્તિએ કોરોના વાયરસ અંગે કોઈ માહિતી મેળવવી હોય તો '૭૪૩૩૦૦૦૧૦૪' આ નંબર પર વોટ્સએપ મેસેજ કરવાનો રહેશે. આ મેસેજમાં તમારે નમસ્તે લખવાનું રહેશે. ત્યારબાદ તમને તમારા મોબાઈલ ફોન પર કોરોનાની તમામ માહિતી મળી જશે.

રાજ્યના ૨ લાખ જેટલા પ્રાથમિક શિક્ષકોની દરિયાદિલી

# કોરોનાને નાથવા એક દિવસનો પગાર ૩૫ કરોડ રૂપિયા રાહતફંડમાં આપશે

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનાને લઈ ગુજરાતની જનતા હેરાન પરેશાન છે. ગુજરાતમાં બુધવારે વધુ ત્રણ લોકો કોરોનાની ઝપેટમાં આવતા ૩૮ કેસ અત્યાર સુધી સરકારી ચોપડે નોંધાઈ ચુક્યા છે સરકાર કોરોનાને

પ્રસરતો અટકાવવા પગલાં લઈ રહી છે કોરોનાની આ મહામારીને પહોંચી વળવા માટે લોકો પોતાનાથી બનતો પ્રયાસ કરી રહ્યા છે. બીજાને ટેકો આપી રહ્યા છે.ત્યારે રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ મહત્વની જાહેરાત કરતા રાજ્યમાં ફરજ બજાવતા ૨ લાખ જેટલા પ્રાથમિક શિક્ષકો એક દિવસનો ૩૫ કરોડ રૂપિયા પગાર મુખ્યમંત્રી રાહત ફંડમાં આપવાની મહત્વની જાહેરાત કરી હતી

દેશમાં આપત્તિની સ્થિતિ સર્જાઈ છે ત્યારે સરકારે ગ્રાઉન્ડ જીરો પર કામ કરવા પ્રાથમિક શિક્ષકોની મદદ લીધી છે હાલ રાજ્યમાં પ્રાથમિક શિક્ષકો આરોગ્ય વિભાગના કર્મચારીઓ સાથે જોડાઈ કોરોનાને પ્રસરતો અટકવાવા સર્વેની કામગીરીમાં જોતરાયા છે રાજયમાં ફરજ બજાવતા ૨ લાખ જેટલા શિક્ષકોએ તેમનો એક દિવસનો પગાર કોરોના સામે જંગ લડવા રાજ્ય સરકારને આપવાનો નિર્ણય કર્યો છે રાજ્ય પ્રાથમિક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે કોરોનાની આ મહામારીને પહોંચી વળવા માટે લોકો પોતાનાથી બનતો પ્રયાસ કરી રહ્યા છે.

બીજાને ટેકો આપી રહ્યા છે.ત્યારે ૨ લાખ શિક્ષકોનો ૩૪ કરોડ ૨૦ લાખ રૂપિયા મુખ્યમંત્રી રાહત નીધિ ફંડમાં જમા કરાવી

ફૂલ નહીં તો ફૂલની પાખડી આપવાની જાહેરાત કરી હતી અને તમામ શિક્ષકમિત્રો નો આભાર વ્યક્ત કર્યો હતો

# કોરોનાની અસર વચ્ચે પાટણના સિન્ધી સમાજે ચેટી ચંડનું પર્વ સાદગી પૂર્વક ઉજવયુ



પાટણ શહેર અને જિલ્લામાં આજથી પવિત્ર ચૈત્ર માસનો ધાર્મિક ઉત્સવો પર્વથી સભર મહિનાનો પ્રારંભ થયો હતો ચૈત્રી સુદ એકમ એટલે કે ચેટીચંડ નું પર્વ હતું આ પ્રસંગે સમાજ અગ્રણી ખેમચંદભાઇ પોહાણીએ જણાવ્યું હતું કે પાટણમાં વસતા સિંધી સમાજના ભાઇ બહેનો દ્વારા દર વર્ષે આ પર્વની ભારે ધામધૂમથી ઉજવણી પરંપરાગત રીતે કરવામાં આવે છે

આજે ભગવાન ઝુલેલાલની ભવ્ય શોભાયાત્રા પણ યોજાય છે અને મંદિર પરિસરમાં ગાયત્રી યજ્ઞો પણ યોજાય છે પરંતુ આ વખતે પાટણના સિંધી સમાજે કોરોના ની ભયાનક અસરોને ધ્યાનમાં રાખીને લોકોની ભીડ એકત્ર ન થાય તે માટે ભવ્ય રીતે ઉજવણી કરવાનું આયોજન ટાળ્યું હતું

અંબિકા ગાર્મેન્ટના હેમંતભાઇ તેમજ જિગર ભાઈ કમાણીએ જણાવ્યું હતું કે આ પ્રસંગે સમાજના લોકોએ ઘરે જ ઉજવણી કરી હતી પરંતુ પાટણના ચાચરીયા ખાતે આવેલા ભગવાન ઝુલેલાલ મંદિર ખાતે સમાજના ભાવિકોએ ભગવાનની આરતી અને દર્શન કરવાનો લાભ લઈને ઉજવણી કર્યાનો સંતોષ માન્યો હતો

# જિલ્લામાં ફક્ત આવશ્યક ચીજવસ્તુઓના પરીવહન માટે પરવાનગી આપવામાં આવશે – કલેક્ટર શ્રી વિજય ખરાડી



દાહોદ, તા. ૨૬

કોરોના વાયરસ સંક્રમણને રોકવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા દેશભરમાં ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે ત્યારે દાહોદ જિલ્લામાં આવશ્યક વસ્તુઓના પુરવઠો ચાલુ રહે તે માટે જિલ્લાના ટ્રાન્સપોર્ટેશનના વેપારીઓ સાથે કલેક્ટર શ્રી વિજય ખરાડીની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઇ હતી. કલેક્ટર શ્રી ખરાડીએ જણાવ્યું કે, ફક્ત આવશ્યક વસ્તુઓની જ હેરફેર સરળતાથી થઇ શકે તે માટે વેપારીઓને પાસ ઇસ્યુ કરવામાં આવી રહ્યા છે.

ઉક્ત સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, વેપારીઓએ આવશ્યક વસ્તુઓમાં બિનજરૂરી ભાવવધારો કરવો નહી. આવશ્યક ચીજવસ્તુઓનું પરીવહન સરળતાથી થાય તે માટેની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. વેપારીઓએ પણ માલ જયાથી લાવવામાં આવે અને ઉતારવામાં આવે તે સમગ્ર કામગીરી સરકાર દ્વારા આપવામાં આવેલા સૂચનો અને સ્વચ્છતાના ધોરણો જાળવીને જ કરવાની રહેશે. ડ્રાઇવર સહિત અન્ય કર્મચારીઓએ માસ્ક પહેરવાનો રહેશે. સાથે જે તે વાહનનું સંપૂર્ણ સેનેટાઇઝેશન પણ કરવાનું રહેશે. આવશ્યક વસ્તુઓની હેરફેર કરતા વાહનો માટે જિલ્લાના પેટ્રોલપંપો પણ ચાલુ રહે તેની વ્યવસ્થા કરવામાં આવી છે.

જિલ્લા પોલીસ વડા શ્રી હિતેશ જોયસરે બેઠકમાં જણાવ્યું કે, આવશ્યક ચીજવસ્તુઓના પરીવહનમાં પોલીસ દ્વારા સંપૂર્ણ સહકાર આપવામાં આવશે. કોઇ વેપારીએ ચિંતા કરવાની જરૂર નથી. આ માટે પાસ ઇસ્યુ કરવામાં આવી રહ્યા છે. જે મામલતદાર કચેરીમાંથી મેળવી શકાશે. આ પાસ બતાવ્યેથી વાહનો સરળતાથી અવરજવર કરી શકશે. આ માટે જરૂર જણાય તો હેલ્પલાઇન નંબરની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી એમ.જે.દવે, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી વી.એ. ખાંટ અને જિલ્લાના ટ્રાન્સપોર્ટેશનના વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ..મહેન્દ્ર

## ડિજિટલ બેસણું



**કોરોના ની મહામારી વચ્ચે ગઈ કાલે પુંસરી માં ગામ ના વતની સ્વ જયંતિ ભાઈ દરજી નું આકસ્મિક નિધન થયું મને દુઃખ પણ હતું અને ચિંતા પણ હતી. આવા પ્રસંગે ગામડામાં સગા સબંધી ના ઘાડે ધડા આવે.પરંતુ કોરોના લઈને ગત કાલે નિર્ણય કર્યો કોઈ પણ વ્યક્તિ સગા પુંસરી નહીં આવે અને ૧ જ દિવસ માં સુતક બેસણું તમામ વિધી પૂર્ણ થશે ઘર ના મોભી નટુભાઈ એ મારી વાત ને સમર્થન કર્યું.તરત હા પાડી સ્વ.જયંતી ભાઈ નો પુત્ર મુંબઈ રહે તે પણ નહિ આવે ગામ ના આજુ બાજુ ના ગામ માં થી પણ નહીં.અને આ બધા ને ફેસબુક live અને vdo કોન્ફોરેનસ સાથે.**

**જોડવાનું નક્કી કર્યું .પુંસરી પંચાયત નું id અને એમના ભત્રીજા આશિષ દરજી 2 id સાથે ગુજરાત અને દેશ માં સહુ સગા આ live માં જોડાયા . ટેકનોલોજી આવા સમયે .સદ્ ઉપયોગ કરી મોટી આફત સામે લડી શકાય છે .અંદાજે ૧૫૦ વ્યક્તિ આ ડિજિટલ બેસણાં માં શ્રદ્ધાંજલિ આપી .પરિવાર ના ૫ સભ્યો થી વધારે પણ ભેગા ના થઈ ૨૧ દિવસ ની લક્ષમણ રેખા ને પાડી.-હિમાશ પટેલ પુંસરી**

# ગાંધીનગરની મધુર ડેરીએ આરંભ્યું શાકભાજી વિતરણ મહાઅભિયાન




કટોકટીના સમયે પણ મધુર ડેરીના કર્મચારીઓ ખડેપગે દુધ પૂરું પાડે છે અને હવે શહેરમાં શાકભાજી કેન્દ્રો શરૂ કરી મુખ્ય સોસાયટીઓને આવરી લેવાનું ઉમદા કાર્ય શરૂ કરી રહી છે. ગ્રાહકોને અડચણ ન પડે એ રીતે ધીરે ધીરે સોસાયટીના ગેટ સુધી શાકભાજી પહોંચાડવામાં આવશે.

આવતીકાલથી આ મહાઅભિયાનમા સમગ્ર ગાંધીનગર શહેરને આવરી લેવામાં આવશે. મીડિયા મિત્રો આ મહાઅભિયાન મા જોડાઈને લોકો ઘરમાંથી બહાર ન નીકળે અને સોસાયટીમાંમાથી એક બે વ્યક્તિઓ સામુહિક ઓર્ડર લઈ ને આયોજન કરે તે સંદેશ ઘેર ઘેર જાય તેમ કરશો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.